# ઇતિહાસની તેજમૂર્તિઓ

– ધૂમકેતુ

૧



Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

ધૂમકેતુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

# ઇતિહાસની તેજમૂર્તિઓ

## ભાગ–૧

ધૂમકેતુ

ગૂર્જર પ્રકાશન

રતનપોળ નાકા સામે • ગાંધી માર્ગ • અમદાવાદ-૩૮૦ ૦૦૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ITIHASNI TEJMOORTIO, Stories from history by Dhoomketu. Third reprint 1958. Fifth impression, 1991 [Dhoomketu Birth Centenary Edition]. Published by Gurjar Prakashan, Gandhi Road, Ahmedabad.
Price per set of five books : Rs. 68-00

**ઇતિહાસની તેજમૂર્તિઓ.** ઐતિહાસિક, પ્રસંગકથાઓ. લેખક ધૂમકેતુ. ત્રીજું પુનર્મુદ્રણ : ૧૯૫૮, ચોથું પુનર્મુદ્રણ : ૧૯૬૫, પાંચમું પુનર્મુદ્રણ : ૧૯૯૧ [ધૂમકેતુ જન્મશતાબ્દી આવૃત્તિ]
(સર્વ હક લેખકને સ્વાધીન)

**પાંચ ભાગની શ્રેણીની** ૧૫૦-૦૦ ૦૦

**: પ્રકાશક :**
મનુભાઈ ગોવિંદલાલ શાહ
ગૂર્જર પ્રકાશન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**મુદ્રક :**
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય ૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ,
યુનિયન બેંકની પાછળ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના

'જલબિંદુ'માં ચિંતનમૌક્તિકો પ્રગટ થયેલ. તેમાં સાથે થોડીક ઐતિહાસિક નવલિકાઓ પણ હતી. વધારે તો ચિતનપ્રધાન વસ્તુઓ હતી. એ બન્ને સાહિત્યપ્રકાર ભિન્ન ભિન્ન હોવાથી, એમનો મેળ બરાબર મળતો ન હતો. આ 'ઇતિહાસની તેજમૂર્તિઓ' નામથી પ્રગટ થતા 'જલબિંદુ'ના અભિનવ સંગ્રહમાં બધી જ ઐતિહાસિક નવલિકાઓ મૂકી દીધી છે. ઘણીખરી નવી જ છે. હવે 'જલબિંદુ'માં માત્ર ચિંતન ભાગ જ હશે.

આશા છે કે આ પુસ્તક 'મેઘબિંદુ'ની પેઠે લોકપ્રિય થશે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ શકી છે, એટલે આવી પ્રસંગકથાઓ સુંદર પ્રેરણાત્મક વાચન લેખે જરૂરી જણાય છે. આના પછી 'ઇતિહાસની તેજમૂર્તિઓ'ના વિશેષ ભાગ આવશે.

કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ–૭

ધૂમકેતુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | પ્રેમરંગ | ૫ |
| ૨. | ભિખ્ખુસંઘ | ૧૦ |
| ૩. | અનંત ! | ૨૩ |
| ૪. | કલાવંતની સૂબાગીરી! | ૩૪ |
| ૫. | આનંદઘનની મસ્તી ! | ૩૮ |
| ૬. | રાજાનો મહેલ ! | ૪૪ |
| ૭. | ગુરુ બંદાનો સૈનિક | ૪૯ |
| ૮. | રાજા હનુમંતસિંહ | ૫૪ |
| ૯. | અકિંચનનો અકિંચન ! | ૫૯ |
| ૧૦. | કિસા ગૌતમીનું ગીત | ૬૭ |
| ૧૧. | પ્રેરણામૂર્તિ | ૭૦ |
| ૧૨. | આજન્મ વૈરાગી | ૭૮ |



Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

# પ્રેમરંગ !



એક દિવસ ભગવાન ચૈતન્ય જગન્નાથના દ્વારે આવીને ઊભા રહી ગયા. ઘણી વખત એ પ્રમાણે એ આવીને ત્યાં ઊભા રહી જતા હતા. પછી કોણ જાણે શું અનુભવતા, પણ બુદ્ધિ જ્યાં વિરામ પામી જાય, એવી કોઈ સૃષ્ટિમાં એ ચાલ્યા જતા. એમને માટે, એ વખતે બાહ્ય સૃષ્ટિ રહેતી નહિ. ન મંદિર રહેતું, ન મૂર્તિ રહેતી. ન કોઈ પૂજા, પૂજારી, દર્શન કે દર્શનાર્થી રહેતાં. ન કોઈ લોક દેખાતા. એ વખતે એ પોતે કોઈ અવનવી પ્રેમ-હેલીના તાનમાં પડી જતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમની એ તલ્લીનતા, જાણે દીવાનાપણાને સ્પર્શી જતી હોય એમ લાગે. પણ એ દીવાનાપણું જાણે બધાને સ્પર્શી જતું હોય તેમ વાતાવરણમાં ફેરફાર થઈ જતો. ભગવાન ચૈતન્યના પ્રેમનૃત્ય સાથે જ્યાં ત્યાં નર્તન દેખાતું. સંગીત સંભળાતું. પ્રેમઝરણું વહેતું જણાતું. 'હરિ બોલો હરિ'ની લોકધૂનમાં જ્યારે ભગવાન ચૈતન્યનો પોતાનો શબ્દ 'હરિ બોલો હરિ' સંભળાતો, ત્યારે તો ઘડીભર એમ લાગે કે, હમણાં કોઈ પ્રેમનું અદ્ભુત પંખી, આ શબ્દનું સ્થળ સ્થળ ગુંજન કરતું, સમસ્ત નભમંડળને માધુર્યથી છાઈ દેશે! શું એ નાનકડા બોલમાંથી પ્રેમની મધુરતા ઊભી થતી હતી? જાણે કે, પ્રેમસાગરમાં ડૂબકી મારીને, રસનાં મોતી લઈને કોઈ બહાર આવેલ હોય, ને, એ રસની એણે લહાણ માંડી હોય.

પોતાનું સમસ્ત પ્રેમજીવન જાણે, આ એક નાનકડા 'હરિ બોલો હરિ' એ શબ્દમાં રેડીને દુનિયાને એ પ્રેમ-કુંભની ભેટ દેવા નીકળ્યા હોય તેમ, જ્યારે ભગવાન ચૈતન્ય સંકીર્તન ઉપાડતા, ત્યારે પૃથ્વીનું અણુએ અણુ નાચવા મંડી પડતું. ધૂળને એ વખતે નાચવાનું મન થઈ જતું. વનસ્પતિને, વૃક્ષને, વેલીને, બધાને નાચવાનું મન થતું. મંદિરને નાચવાનું મન થતું. પથ્થરને વાચા પ્રકટતી. જગન્નાથજીની મૂર્તિને નાચવાનું મન થતું. આખી સૃષ્ટિને જાણે નાચવાનો છંદ લાગ્યો હોય, તેમ બધું નૃત્યમય દેખાતું! એ અનોખી જ પળ જણાતી.

આવી જ આજે પળ હતી. ભગવાન ચૈતન્ય ત્યાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવીને ઊભા રહ્યા. જેવા ઊભા તેવા જ, કોણ જાણે કઈ અનોખી સૃષ્ટિનાં દર્શન પામ્યા, પણ ઊભા તેવા જ, સ્થિર, શાંત–અત્યંત શાંત બની ગયા!

નથી એમની આંખ મટકું મારતી. નથી શરીરની ગતિ જણાતી. નથી કોઈ હલનચલન દેખાતું. એ તો જાણે સ્થિર ઊભા તે ઊભા.

એમની પાસે નજીકમાં ગરુડજીની પ્રતિમા ઊભેલી હતી. પડખે આસપાસ ચારે તરફ દર્શનઘેલા માનવીઓની મોટી કતાર જામી ગઈ હતી.

સેંકડો અને હજારો માનવીઓનો મેળો ભરાયો હતો. અને ભગવાન જગન્નાથની મૂર્તિની ઝાંખી મેળવવા માટે ધક્કંધક્કા ચાલી રહી હતી.

એ વખતે એ ટોળામાં એક ગરીબ બાઈ આવીને ઊભી રહી ગઈ. ચારે તરફના સેંકડો માણસની ધમાલમાં, એને ભગવાનની ઝાંખી થતી ન હતી. અને તેમ તેમ એ ઝાંખી કરવા માટેની એની અભિલાષા વધતી જતી હતી.

છેવટે તો ભગવાનની મૂર્તિ જાણે એની નજર માટે અદૃશ્ય જ થઈ ગઈ એવું બન્યું. એટલી બધી ભીડ જામી, એટલી બધી ઉપરાઉપરી માનવમેદની ખડકાણી કે પેલી વૃદ્ધ ગરીબ બાઈ કાંઈ જ ઝાંખી ન પામે તેવું થઈ ગયું. પણ એના દિલમાં તો ભગવાનની ઝાંખી માટે તાલાવેલી લાગી હતી. એનું મન એ ઝાંખી મેળવવા માટેની પ્રેમ-સમાધિમાં જાણે પડી ગયું હતું. આસપાસ શું છે, એ બધું એ ભૂલી ગઈ હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલે એ તો ગરુડજીની પ્રતિમા ત્યાં જોઈને તેના ઉપર જ ચડી ગઈ. એક પગ તો ત્યાં સ્થિર કર્યો. પણ બીજો પગ મૂકવા માટેનું કોઈ સ્થાન નજરે ચડ્યું નહિ. એટલામાં તદ્દન શાંત, સ્થિર, પથ્થરપ્રતિમાસમા ઊભેલા ભગવાન ચૈતન્યનો ખભો એના પગને સ્પર્શી ગયો, ને તેણે બીજો પગ ત્યાં જ મૂકી દીધો. પોતે જગન્નાથજીની મૂર્તિમાં નજર પરોવી દીધી. એ રસસમાધિમાં પડી ગઈ.

પોતે ક્યાં ઊભી છે, શું છે, ક્યાં પોતાના પગ છે, એ બધું જ એ ભૂલી ગઈ. એને તો જગન્નાથની પ્રતિમાની ઝાંખી થઈ ગઈ. એનો જ અનહદ આનંદ રોમેરોમમાં વ્યાપી ગયો. તે પોતાની જાતને પણ ભૂલી ગઈ.

પણ એ વખતે જ ભક્તજનોનું ધ્યાન એના ઉપર પડ્યું, અને એના એક પગને ભગવાન ચૈતન્યના ખભા ઉપર ઠેરવાયેલો જોતાં, એમના ક્રોધનો પાર ન રહ્યો.

એના ઉપર ચારે તરફથી ફિટકારનો વરસાદ વરસી રહ્યો. એને પગ ઉઠાવી લેવાની ધમકી મળી.

પણ એ સાંભળતાં જ ભગવાન ચૈતન્યે એના પગને વધારે સુસ્થિર રહી શકે માટે, હાથ જરાક ઊંચો કરી, ખભાની જગ્યા વધારી દીધી, અને તરત જ કહ્યું :

'એને આંખ ભરીને દર્શન કરવા દો. આંખ ભરીને એને નિહાળવા દો !'

પણ એટલામાં તો પેલી બાઈને, પોતે શું કરી નાખ્યું છે એની ખબર પડતાં, તે તરત નીચે ઊતરી ગઈ. પણ જેવી એ નીચે ઊતરી કે ભગવાન ચૈતન્યે પોતે એના પગનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્પર્શ કરતાં ગદ્ગદ કંઠે કહ્યું :

'માઈ! તારી પ્રેમસમાધિ, તારી પ્રેમસમાધિ, એ તો તારી જ છે!'

'તારો ભક્તિરંગ, એનો એક શતાંશ પણ મને ક્યાં મળ્યો છે! આહા! કેવી આ પ્રેમભરી લગની હશે કે લગનીમાં કોઈ ચેતન, અચેતન સૃષ્ટિ જ રહેતી નથી. રહે છે કેવળ પોતાનો પ્રેમકુંભ—અને ભગવાનની પ્રેમલીલા! આનું નામ પ્રેમસમાધિ, આનું નામ પ્રેમભક્તિ રંગ!'

ભક્તજનો આ અદ્ભુત પ્રેમવાર્તા સાંભળીને આશ્ચર્ય-ચકિત થઈ ગયા!

પ્રેમનું કોઈ રૂપ, કોઈ તત્ત્વ, કોઈ ક્ષણ, કે કોઈ પળ, ભગવાન ચૈતન્યથી અજાણ જતી નથી એ જોઈને, એ બધા પોતપોતાના વર્તન માટે શરમિંદા બની ગયા.

પ્રેમની સૃષ્ટિનું બિંદુએ બિંદુ ચૈતન્ય ભગવાને પોતાના હૃદયમાં રાખ્યું છે. એટલે એ જરાક જેટલી પણ પ્રેમભક્તિને તરત સમજી લે છે, તરત શોધી લે છે, તરત એને પોતાનો પ્રેમ અર્પી દે છે.

પ્રેમની આ મહાન લીલાનો વિચાર કરતાં બધા મુગ્ધ થઈ ગયા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ભિખ્ખુસંઘ



ભગવાન તથાગતને એકવાર કપિલવસ્તુમાં લાવવા માટે રાજા શુદ્ધોદનનું દિલ અતિશય આતુર બની ગયું.

'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે, એક વખત જો એ કપિલવસ્તુ જુએ, એક વખત જો એની નગરીમાં એ વિહરે!' એવા એવા મનોછંદમાં એનું હૃદય આખો દિવસ તલ્લીન બની ગયું. 'એક વખત, જો કપિલ-વસ્તુમાં આવે!' એના દિલમાં બસ, એ વાતની લગની લાગી ગઈ. એને બીજું કોઈ કામ ગમતું નથી. બીજી કોઈ વાતમાં એનું મન નથી! બીજી કોઈ એને ધૂન નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજકર્મચારીઓ હાથ જોડીને આજ્ઞા લેવા ખડે પગે ઊભા હોય છે. પણ રાજાનું તો 'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે' એ વાત સિવાય, બીજી કોઈ વાતમાં લક્ષ જ નથી !

આખી કપિલવસ્તુ નગરી પણ ચિંતામાં પડી ગઈ. ઘેર ઘેર એ જ વાત ચાલે છે. રાજાને ક્યાંય આરામ નથી. સૂતાં, બેસતાં, ઊઠતાં, આનંદ કરતાં, ભોજન કરતાં, સંથાગારમાં જતાં, એના મોંમાં આ એક અખંડ માળા ચાલી રહી છે.

'એક વખત જો મારો પુત્ર કપિલવસ્તુમાં આવે !'

છેવટે એક અમાત્ય આગળ આવ્યો. તેણે રાજાની આજ્ઞા લીધી. રાજાનો પત્ર લીધો. એ ભગવાન તથાગતને કપિલવસ્તુમાં લાવવા માટે ઊપડચો.

એ રાજગૃહમાં આવ્યો. રાજગૃહ અને કપિલવસ્તુ વચ્ચે સાઠ યોજનનું અંતર. એ ધીમે ધીમે આવ્યો હતો, તોપણ રસ્તાનો થાક એવો લાગ્યો હતો કે એનાથી શરીર આમ કે તેમ થતું ન હતું.

રાજગૃહમાં વેણુવનમાં એ વખતે ભગવાન તથાગતનો નિવાસ હતો.

તે આવીને ત્યાં પરિષદમાં ઊભો. કોઈ સુંદર વનોપવનમાં તેજછાયાની રૂપગૂંથણીથી અત્યંત આકર્ષક એવું શાંત, સુંદર, રૂમઝુમ, ધીમું ધીમું મનોહર ઝરણું ચાલ્યું આવે, એવી ભગવાન તથાગતની વાણી ચાલી આવતી હતી !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ ત્યાં એક ખૂણામાં શાંત ઊભો રહી ગયો, ભગવાનની વાણી સાંભળતો. ભગવાન તથાગતનો શબ્દેશબ્દ, અને અક્ષરેઅક્ષર, એટલું મધુરું રૂપ લઈને આવતો હતો કે, અમાત્યને જીવનમાં પહેલી જ વખત ખબર પડી કે, વાણીમાં આટલી બધી રૂપભરી રસમધુરતા રહે છે! નથી વાણીમાં થડકો, નથી ભાર, નથી આગ્રહ, નથી તેજસ્વિતા, નથી લેશ કર્કશતા, નથી ઊંચાનીચાપણું, નથી પડકાર, નથી ભય, નથી અસ્પષ્ટતા, નથી ધીમાપણું—એક, શાંત, મધુર, કર્ણપ્રિય, નિનાદ કરતું જેમ ઝરણ વહ્યું આવે, તેમ વાણી ચાલી આવે છે!

પરિષદ આખી શાંત બની ગઈ છે. એક એક શબ્દમાં એક એક ચિત્ર બેઠું છે. પરિષદ જાણે શબ્દો સાંભળતી નથી, ચિત્રાવલિ જુએ છે. અને એક એક દિલમાં, એક એક મનોગત રંગત ઊઠે છે. બધા રંગોનો રંગ કાષાય રંગ, હરેક મનને એવો આકર્ષક અને અદ્ભુત જણાય છે કે આખી પરિષદ ભિખ્ખુસંઘમાં ફેરવાઈ જાય તો નવાઈ નહિ એવું લાગે છે. એવી સુંદર ભગવાન તથાગતની વાણી છે.

અને હજી તો એ વાણીના પડઘા ધીમા, શાંત બનતા આસપાસની ડુંગરમાળાઓમાં રમવા જતા હતા, ત્યાં જ પેલો અમાત્ય, ભિખ્ખુ બનવા માટે, પોતે આગળ આવ્યો. એ કપિલવસ્તુને ભૂલી ગયો. રાજાનો સંદેશો પણ ભૂલી ગયો, પોતે કયાં છે, કોણ છે એ વાત પણ ભૂલી ગયો!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એને તો એક જ વાત હૃદયમાં બેસી ગઈ. આ દુનિયામાં જે ભિખ્ખુ છે, તે જ માત્ર શોકથી પર છે!

એ ભિખ્ખુ થઈને ત્યાં રહી ગયો. હવે આ બાજુ, રાજા શુદ્ધોદન હમેશાં અમાત્યના પાછા આવવાની રાહ જુએ છે, મુસાફરોને પૂછે છે, કોઈ ભિખ્ખુસંઘ આવી રહ્યો હોય, ને એમને ધ્યાન હોય તો—પણ, નથી કોઈ સમાચાર મળતા, નથી સંદેશો મળતો, નથી પોતાનો અમાત્ય પણ પાછો આવતો!

રાજા તો નિરાશ થઈ ગયો. એની એ દિલગીરી જોઈને વળી એક બીજો અમાત્ય આગળ આવ્યો: 'મહારાજ! પત્રસંદેશો આપો. હું જાઉં. હું ભગવાન તથાગતને આંહીં નિમંત્રી લાવું!'

રાજાની પાસેથી સંદેશો લઈને એ રાજગૃહ નગરી ગયો.

પણ જેમ પેલા અમાત્યને ભગવાન તથાગતની વાણી સ્પર્શી ગઈ હતી, તેમ આને પણ સ્પર્શી ગઈ. એ પણ ત્યાં રહી ગયો. ભિખ્ખુસંઘમાં ભળી ગયો.

રાજા શુદ્ધોદન તો રાહ જોઈને થાક્યો, એટલે એણે ત્રીજા અમાત્યને મોકલ્યો, પણ એની એ જ વાત બની!

બીજા પણ અનેક તે પછી સંદેશો લઈને ગયા. પણ જે જે જઈને ભગવાન તથાગત પાસે ઊભા, તે ભિખ્ખુ-સંઘમાં ભળી ગયા. ભગવાનની વાણીનો આવો પ્રભાવ હતો.

કપિલવસ્તુમાં તો ઘેર ઘેર વાત ચાલી. પુત્રને, કપિલ-વસ્તુમાં એક વખત ફરીને જોવાની, રાજા શુદ્ધોદનની ઇચ્છા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વધારે પ્રબળ થતી ગઈ. પણ ભગવાન તથાગતને આંહીં લાવે તેવો કોઈ માણસ એની નજરે ચડતો નથી.

ભગવાન તથાગત જ્યારે રાજકુમાર સિદ્ધાર્થ હતા ત્યારે, જે એમનો લંગોટિયો ભાઈબંધ હતો, તેના ઉપર છેવટે એની નજર ઠરી. એને મોકલવો. એનું નામ ઉદાયી.

ઉદાયીને એણે કહ્યું : 'ભાઈ! તું જા તો મારો પુત્ર કપિલવસ્તુમાં એક વખત આવે!'

ઉદાયીએ વિચાર કર્યો કે મારા કરતાં ઘણા વધારે શક્તિવાળા ને બુદ્ધિવાળા અમાત્યો ત્યાં ગયા હતા, પણ એ બધા જ ત્યાં રહી ગયા છે, એનું કાંઈક કારણ હોવું જોઈએ. તથાગતની વાણીમાં એવી અનોખી મધુરતા વસે છે કે, માણસને દુનિયામાં હવાની પેઠે ફેલાઈ જવાનું મન થાય. એક જગ્યાનો એનો મોહ છૂટી જાય. ભિખ્ખુપંથનો એ ઉપાસક બની જાય. સંગ્રહની ભયંકરતા, સેંકડો ને હજારો ભિખ્ખુઓ થયા વિના, જાણે જશે જ નહિ, એવું એક પરમસત્ય પોતે પ્રત્યક્ષ જોતો હોય તેમ, ઉદાયી પણ પોતાના દિલમાં, કાષાયવસ્ત્રધારીઓનો શાંત અને નિર્મોહી એક મહાસંઘ જોઈ રહ્યો!

પોતે એમાંનો એક હોય એમ એ પોતાના દિલમાં અનુભવી રહ્યો. એણે બે હાથ જોડીને રાજા શુદ્ધોદનને કહ્યું : 'મહારાજ! હું જાઉં ખરો; અને ભગવાન તથાગતને આંહીં લાવું પણ ખરો; પણ એક શરતે.'

'શી? શી શરત છે, બોલ!'

'મને પ્રવ્રજ્યાની અનુજ્ઞા તમારે આપવી જોઈએ. હું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભગવાનના ભિખ્ખુસંઘમાં પાછો આંહીં આવીશ!'

'ભલે, તેમ તો તેમ—પણ એક વખત તું મારા પુત્રને કપિલવસ્તુમાં પાછો લાવી દે'!

ઉદાયીએ બે હાથ જોડચા: 'મહારાજ! હવે આવનાર તમારો પુત્ર નહિ હોય. એ તો દુનિયાનો એક એવો મહાન ભિખ્ખુ હશે કે, એની નજર જ્યાં જ્યાં પડશે, ત્યાં ત્યાંથી પૃથ્વીનાં જાણે રાગ અને અશાંતિ ઊડી જશે. એ આખી પૃથ્વીને જાણે કાષાય રંગથી રંગી દેશે. સંગ્રહવૃત્તિને નિર્મૂળ કરવાનો, આ એક જ શસ્ત્રહીન મહાન માર્ગ છે, ભિખ્ખુ-સંઘનો. એટલે હું જાઉં છું, મહારાજ! પણ નગરી કપિલ-વસ્તુને હું કાષાયવસ્ત્રધારી જોઈ રહ્યો છું!'

પ્રણામ કરીને ઉદાયી, ભગવાન તથાગતને કપિલવસ્તુમાં લાવવા માટે ચાલી નીકળ્યો.

[ ૨ ]

ઉદાયી કપિલવસ્તુથી રાજગૃહ નગરીમાં આવ્યો હતો. પણ બુદ્ધવાણી સાંભળીને એ પણ ડોલી ઊઠ્યો. એણે પણ ભિખ્ખુસંઘનું શરણું લીધું. ભિખ્ખુ બનીને નગરીમાં હમેશાં ભિક્ષા માટે એ આવતો.

'જય હો ભગવાન તથાગતનો! રાજગૃહ નગરીના નાગરિકો હો! ભગવાન તથાગતના નામે....'

રાજગૃહ નગરીની શેરીએ શેરીમાં, ભિખ્ખુ ઉદાયીનો બુલંદ, મધુર રણકાર જગવતો અવાજ કાને પડે છે, ને લોકોનાં ટોળેટોળાં એને જોવા મળે છે. એના અવાજમાં કોઈ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉત્તમમાં ઉત્તમ ગાયકની પાસે હોય તેવી, અજબ કંઠમોહિની બેઠી છે. બીજાના કંઠથી એના કંઠનો રણકો જ જાણે જુદો પડી જાય છે. શું એ રણકામાંથી પડઘા ઊપડે છે? જાણે ડુંગરમાળા બોલી: ‘ભગવાન તથાગતના નામે, ભગવાન બુદ્ધના નામે, નગરજનો....હો....!’ એવો એનો સુંદર વિલંબિત લલકાર જગવતો અવાજ, હમેશનો હમેશ સાંભળવા માટે, લોકો લાંબી ડોકે રાહ જોતા, ભવન ભવનના ગવાક્ષમાં ને છજામાં ઊભા રહી જાય છે! ભિખ્ખુ ઉદાયીએ, ભિક્ષા–સંપાદનમાં એક જુદી જ હવા ઊભી કરી દીધી છે. લોકો માટે એ અવાજની મીઠાશ જાણે જરૂરી બની રહી છે.

પણ એના દિલમાં રાજા શુદ્ધોદનને આપેલું વચન હજી બેઠું હતું. ભગવાન તથાગતને કપિલવસ્તુ લઈ જવા માટે એ આંહીં આવ્યો હતો. રાજા શુદ્ધોદનને એ વચન આપીને આવ્યો હતો. ભિખ્ખુ થયા છતાં, એના દિલમાંથી આ વચન-ઋણ હજી ગયું ન હતું.

પણ ભગવાનને શી રીતે કપિલવસ્તુને પંથે લઈ જવા? આંહીં તો ભગવાન તથાગતને, પોતાને ત્યાં લઈ જવા માટે, વૈશાલીથી, કૌશામ્બીથી, કોશલદેશથી, વત્સદેશથી, ચંપાનગરીથી, અરે, છેક ઉજ્જેન–અવંતીથી, રાજપુરુષો, રાજ-અધિકારીઓ, શ્રેષ્ઠીઓ, મહાઅમાત્યો—એમની કતારની કતાર હમેશની હમેશ લાગી રહી હતી. પણ ભગવાને કોઈને હા ભણી નથી. હજી તો એ રાજગૃહ નગરીમાં પોતાની વાણી રેલાવી રહ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોઈ બીજે પંથે ભગવાનનું ચંક્રમણ શરૂ થઈ જાય તે પહેલાં, ભિખ્ખુ ઉદાયી પોતાની વિજ્ઞપ્તિ મૂકી દેવા માગતો હતો.

એના ભિખ્ખુદિલને પણ આ ઋણનો ભાર હવે લાગતો હતો. એને નિઃસંગને, અ-સંગ્રહીને, અ-રાગીને આટલી પણ મન–માયા–વાણીનો ભાર શા માટે જોઈએ? જો એ ભાર મનમાંથી કાઢી જ નાખે છે, તો વચનભંગનો મહાદોષ એને આંગણે આવે છે. જો નથી કાઢતો તો એના નિત્ય વિકાસી જીવનમાં એક મોટો અવરોધ ઊભો કરે છે!

પણ ભગવાનને વિજ્ઞપ્તિ શી રીતે કરવી? વિજ્ઞપ્તિ કરી ને અફળ ગઈ, તો એના દિલનો રંજ વધી જવાનો, એના નિઃસંગ ભિખ્ખુવસ્ત્રને ડાઘ બેસી જવાનો. એટલે ભિખ્ખુ ઉદાયી એવો માર્ગ શોધે છે, જે માર્ગ એને ભગવાન તથાગતની પાસે કેમ વિજ્ઞપ્તિ મૂકવી, એનો પ્રકાશ આપે!

અને એક દિવસ ભિખ્ખુ ઉદાયીને એ પ્રકાશ અચાનક મળી ગયો.

એનો બુલંદ, મધુર ટંકારરંકાર જગવતો ભિક્ષાશબ્દ 'નગરજનો હો! ભગવાન તથાગતના નામે....' એ રાજગૃહ નગરીમાં પડ્યો ન પડ્યો, અને એણે ગવાક્ષે ગવાક્ષે અનેક ચહેરા ઊભરાતા જોયા!

એના દિલમાં એક પળભર—એક ક્ષણમાત્ર, મહાબળવાન 'અહમ્'નો એક ધનુષટંકારવ સમો ટંકારવ જાગી ગયો. 'આ મોહિની મારા કંઠની!....' અને નિઃસંગને



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભજનાર ભિખ્ખુના દિલમાં તરત જ બીજો વિચાર આવી ગયો, 'આહા ! સેંકડો માયાથી પણ બળવાન, એવો એક સંગ હજી દિલમાંથી જાગે છે. આજે તો એ સંગરંગને જ, ભગવાન તથાગતને ચરણે રેલીને, પછી હમેશને માટે નિઃસંગની સાચી ઉપાસના શરૂ કરી દેવી છે. ભિખ્ખુવાણીનો રણુકો સાંભળીને, કોઈ ગવાક્ષે આવે, કોઈ થોભે, કોઈ રાહ જુએ....એ પણ એક સંગ. નિઃસંગને એ પણ ન જોઈએ. પોતાને જેમ પોતાના ઉપર મોહ નહિ, તેમ પોતાના ઉપર કોઈને મોહ નહિ. નિઃસંગને આટલું પણ ન જોઈએ.'

એટલે ભિખ્ખુ ઉદાયી ભિક્ષાટનથી પાછા ફરતાં પણ આ વિચાર ઉપર જ કેન્દ્રિત બની ગયો છે.

પોતાની છેલ્લામાં છેલ્લી નબળાઈ—કંઠનો રણુકાર—એ પણ આજે ભગવાન તથાગતના ચરણે મૂકી દેવાનો બળવાન સંકલ્પ ઘડતો ઘડતો, એ રસ્તે ચાલી રહ્યો છે.

એટલામાં એની દૃષ્ટિ આસપાસની ધરતી ઉપર પડી. વસંતની પહેલી પગલીની ખુશનુમા હવા બધે રેલાઈ રહી હતી. હવામાં ઠંડી ન હતી, ગરમી પણ ન હતી. જાણે માનવશરીર અને હવા, બન્ને એકબીજાને ભેટીને આનંદ માણી રહ્યાં હતાં. એવી સમશીતોષ્ણ રસસંજીવની આવી ગઈ હતી !

હવા ખુશનુમા હતી. ધરતી શિયાળુ પાક કપાઈ જવાથી રૂપાળી બની ગઈ હતી. રસ્તા ચોખ્ખા હતા. પંખી-ઓએ ગાન રેલાવવાં શરૂ કર્યાં હતાં. વૃક્ષોએ, વેલીઓને અને વેલીઓએ વૃક્ષોને, નવજીવનનો સંદેશો આપવા માટે,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાનાં કુમળાં અજબરંગી પર્ણો ઉપર, જાણે કે ગાથાઓ મોકલવા માંડી હતી.

ભિખ્ખુ ઉદાયી આ બધું જોતો વેણુવનને માર્ગે ચાલી રહ્યો હતો, અને પંખીઓના મધુર કલરવની કવિતારેલી રસસૃષ્ટિ અંતરમાં અનુભવી રહ્યો હતો, ત્યાં અચાનક જ એના પોતાના દિલમાંથી એક ગાથા જન્મી.

અને એ એક ગાથાનો જન્મ થતાં તો જાણે બીજી આવી. પછી ત્રીજી આવી. ચોથી, પાંચમી, છઠ્ઠી, ગાથાઓ ઉપર ગાથાઓ, કવિતા ઉપર કવિતા આવતી જ ગઈ!

ઉદાયી ભિખ્ખુના દિલસાગરમાં એક નહિ, બે નહિ, પાંચ–પચીસ નહિ, સાઠ–સાઠ ગાથાઓની તરંગાવલિ ઊભી થઈ ગઈ!

શું એ ગાથાઓમાં એણે ધરતીના શણગારનું, હરિયાળાં ખેતરો વચ્ચે ચાલ્યા જતા માર્ગોનું, પંખીઓના ગાનનું, વૃક્ષપર્ણોનું, વેલીઓની કવિતાપંક્તિ સમી, ઝીણી, રંગીન સુંદર પાંદડીઓમાં ડોલતી નાની ફૂલકળીઓનુંઓ વર્ણન કર્યું હતું કે, સાંભળનારો એ સાંભળે, અને આ ઋતુમાં મુસાફરી કરવાના મહા આનંદથી જાણે પુલકિત બની રહે!

એને તરત જ મુસાફરીને પંથે પડવાનું મન થઈ જાય!

ભિખ્ખુ ઉદાયીનું દિલ આનંદથી ભર્યું ભર્યું બની ગયું હતું. તેના દિલમાંથી ગાથાઓ આવતી હતી.

આ સાઠ ગાથાઓ દ્વારા એણે પોતાના કંઠરણકાને, ભગવાન તથાગતના ચરણે ધરી દઈને, નિઃસંગ બની જવાનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નિશ્ચય કર્યો હતો. એ આનંદ તો ત્યાં હતો જ, પણ એથી વધુ મોટો આનંદ તો એ હતો કે રાજા શુદ્ધોદનને આપેલું વચન પણ એ પાળી રહ્યો હતો!

આ ગાથાઓ દ્વારા જ, હવે એ ભગવાન તથાગતને કપિલવસ્તુ તરફના પ્રવાસની વિજ્ઞપ્તિ કરવાનો હતો!

ભગવાન તથાગત ચંક્રમણ કરી રહ્યા હતા, એટલામાં એક ગાથા એમને કાને આવી.

ભગવાન જરાક જ અટકીને આગળ વધ્યા. પણ ત્યાં બીજી ગાથા સંભળાણી. અને તરત ત્રીજી, અને ચોથી.

ભિખ્ખુના દિલમાં ગાથાઓની આનંદસરિતા રેલાઈ રહી હતી, એ જોઈને ભગવાન ત્યાં જરાક વધારે થોભી ગયા.

ઉદાયી સાઠેસાઠ ગાથાને આનંદભેર, એક પછી એક બોલતો રહ્યો; ભગવાન એ સાંભળતા રહ્યા.

બીજા દિવસના પ્રભાત સમયે, ભગવાન તથાગત ચંક્રમણ કરતા હતા, ત્યાં ફરીને એમને કાને ભિખ્ખુ ઉદાયીની એક ગાથા સંભળાણી!

ભિખ્ખુ ઉદાયી, કુદરતને જોઈને નિર્દોષ તાનમાં આવી ગયો લાગે છે, એવા સહજ વિચારે, ભગવાનના ચહેરા ઉપર જરાક સ્મિત ફરક્યું ન ફરક્યું, ત્યાં બીજી ગાથા કાને આવી.

ભગવાન સહેજ અટકીને જરા આગળ વધ્યા. ત્યાં ત્રીજી સંભળાણી.

ભિખ્ખુના દિલમાં ગાથાઓની સરિતા રેલાઈ રહી હતી. ભગવાન ત્યાં જરા થોભી ગયા. આજ પણ સાઠેસાઠ ગાથાઓને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉદાયી, આનંદભેર એક પછી એક બોલતો રહ્યો. ભગવાન સાંભળતા રહ્યા.

પછી ભગવાન તથાગતે ભિખ્ખુ ઉદાયીને પોતાની પાસે બોલાવ્યો.

'ભણે ભિખ્ખુ! કાંઈ બન્યું છે? તારા દિલમાં આ યાત્રા–મહિમાની ગાથાઓ કેમ સ્ફુરી આવી છે? રાજગૃહ નગરીમાં કાંઈ બન્યું છે?'

ઉદાયીના દિલમાં આનંદ આનંદ વ્યાપી ગયો. રાજા શુદ્ધોદનની વિજ્ઞપ્તિ મૂકવાની આ તક હતી. તેણે બે હાથ જોડીને કહ્યું: 'ભન્તે ભગવાન! નગરી કપિલવસ્તુ ભગવાનના ચરણ નિહાળવા અધીર બની રહી છે. આ સમય યાત્રાનો સર્વોત્તમ સમય છે, એટલે આ ગાથાઓ મારા દિલમાં સ્ફુરી રહી છે. ભગવાન કપિલવસ્તુ નગરીની વિજ્ઞપ્તિને સ્વીકારે!'

ભગવાન તથાગત એક પળભર શાંત રહ્યા. પછી એમણે ધીરી મધુર નિઃસંગ વાણીમાં કહ્યું: 'ઉદાયી! તારી ઇચ્છા પ્રમાણે હો! તથાગત કપિલવસ્તુ જવા માટે નીકળશે, ભિખ્ખુસંઘને તૈયાર થવાનો ઘોષ આપો!'

ઉદાયી ભિખ્ખુએ નતમસ્તકે શાંત રહીને ભગવાન તથાગતની આજ્ઞા ગ્રહણ કરી. અને એ નમનમાં જ એણે પોતાના કંઠરવનો અહમ્‌સંગ પણ ત્યાં ભગવાનને ચરણે ધરી દીધો!

૦

બીજે દિવસે રાજગૃહ નગરીમાં ભિખ્ખુ ઉદાયીનો ભિક્ષાટન સાદ સંભળાયો—'નગરજનો હો!' પણ એ શાંત—

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એકદમ શાંત, સામાન્ય અવાજના રણકાથી લોકો ચોંકી ગયા. એમાં હવે કંઠનું જરા જેટલું પણ પહેલાંનું માધુર્ય રેલાતું નથી. જાણે કે ભિખ્ખુનો કંઠ જ ફરી ગયો છે! બીજા થોડા દિવસો, અને એનો રણકો અદૃશ્ય થઈ ગયો. એનો અહમ્-સંગ પણ અદૃશ્ય થઈ ગયો.

પછી ભગવાન તથાગતે એક દિવસ ભિખ્ખુ ઉદાયીને પોતાની પાસે બોલાવ્યો.

ભિખ્ખુ ઉદાયી મનના દરેકેદરેક ખૂણામાં નિઃસંગી થઈ ગયો હતો.

અને પછી એક દિવસ એ ભગવાનની સાથે કપિલવસ્તુ નગરીને પંથે પાછો ફરી રહ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનંત!



મગધનો રાજા અજાતશત્રુ, કુમાર ઉદાયીભદ્રની મુખ-મુદ્રા જોતાં જ ચમકી ગયો.

એણે કુમારની મુખમુદ્રામાં એક એવો તો ફેરફાર આવતો જોયો કે, એના દિલમાં એક પ્રકારની ખિન્નતા છવાઈ ગઈ.

કુમારના ચહેરામાં એણે કોઈ ભયંકરમાં ભયંકર ખૂનીની રેખાઓ પ્રગટતી જોઈ.

એનો એ એકનો એક પુત્ર હતો. રાજવારસ હતો. બળવાન હતો. એને અત્યંત પ્રિય હતો. ભારતવર્ષની રાજ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લક્ષ્મી એને ચરણે ઢળવાની હતી. પણ આજે એણે કુમારની મુખમુદ્રાની રેખાએ રેખામાં ભયંકર સમશેરોનો કૃતઘ્ની ખખડાટ થતો દીઠો. આ એણે જોયું, અને એ ચમકી ગયો. એના રોમરોમમાંથી એક 'આહ' નીકળી પડી. 'અરે રે!' પણ થઈ ગયું અને 'આ હા!' પણ બોલાઈ ગયું, એને લાગ્યું કે અરે! આંહીં તો બધું અનંત જણાય છે. આંહીં જાણે કોઈ વસ્તુ હટાતી નથી. કોઈ વસ્તુ મરી જતી નથી. કોઈ વસ્તુ લુપ્ત થતી નથી. અને એ વસ્તુ, એટલે માણસનું કામ. એનું મન. એના મનની એક પણ લહરી, આંહીં નોંધ્યા વિનાની જતી નથી. એક એક તરંગ એ એક એક કૃતિ જ જણાય છે. વિચાર અને વસ્તુ એ બેના વચ્ચે અંતર જ નથી, એ જાણીને એનું દિલ આજે દર્દથી ભરાઈ ગયું.

પોતે પોતાના પિતા, રાજા બિંબિસારને હણવા માટે મનમાં અનેક યુક્તિઓ એક વખત ગોઠવી હતી. પિતા મહા ઉદાર હતા. એ આ વાત સમજી ગયા. પુત્રના ઉપર કલંક આવે, અને એ કલંક મગધદેશને હમેશને માટે કલંકિત કરી જાય, રાજવંશને પણ યાવત્ચંદ્ર દિવાકરૌ દોષનો પડછાયો બેસી જાય, એટલે એમણે પોતે જ હલાહલ વિષમુદ્રિકા ચૂસી લીધી. જીવન સંકેલી લીધું. જીવ્યા ત્યારે મોજશોખથી, આનંદથી, વૈભવથી. મર્યા ત્યારે પણ મોજથી. પુત્રને નિષ્કલંક રાખવા. એમના જેવો સૌન્દર્યભિખ્ખુ કોઈ ન હતો, તો એમના જેવો જીવનસ્વામી પણ કોઈ જ ન હતો—એ વાત હવે સમજાઈ. એમની જીવનલીલા આમ સંકેલાઈ ગઈ. એ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાત પતી ગઈ. પછી પિતાના શોકમાં માતા પણ ગઈ. અજાતશત્રુ રાજા થયો. એણે કંઈક સિદ્ધિ મેળવી. કંઈક લડાઈઓ જીતી. કંઈક પરાક્રમો કર્યાં. કંઈક પ્રદેશો મેળવ્યા. મગધ મહાન બન્યું. એ મહાન દેશનો વારસો હવે પોતાના પુત્ર ઉદાયીભદ્રને આપવાનો હતો. પોતે જીવન જીવી ગયાનો, અને દેશને મહાન બનાવ્યાનો આત્મસંતોષ માણી રહ્યો હતો.

પણ એવામાં આજે એણે અચાનક પોતાની ભૂતકાળની ભયંકર વિચારધારાને મૂર્તિમંત થતી દીઠી, અને એ ચમકી ગયો. ઘડીભર દિઙ્મૂઢ બની ગયો.

એના દિલમાં ખંજર ભોંકાઈ ગયું. જે અપકૃત્ય પોતે કર્યું હતું, બરાબર એવા જ અપકૃત્યની આગાહી, આ સુંદર, જુવાન, પ્રિય રાજપુત્રના ચહેરામાં એણે ઊભી થતી જોઈ. અચાનક કોણ જાણે કયાંથી એ એના મનમાં આવી ગઈ.

એ ત્યાં ઊભી થતી હતી એટલું જ નહિ, જાણે કે એ જ નિર્માણ હોય, એવી ભયંકર નિશ્ચળતાથી, એ ત્યાં બેઠી હતી.

પોતાના મૃત્યુનો એને એટલો શોક ન હતો. પણ પ્રિય પુત્રના હાથે જ મરણ પામવાનું, અને તે પણ કૃતઘ્નીપણે મૃત્યુ પામવાનું—ભાવિ વાંચીને, એ મહાન શોકમાં ડૂબી ગયો. જે વર્ષો પહેલાં પોતે કર્યું હતું, એ જ જાણે આંહીં નવેસરથી આવ્યું હતું. મનની એક પણ લહરી, એક પણ તરંગ, એક પણ કામ, આંહીં નોંધ્યા વિનાનું



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જતું નથી, એનો હવે એના મનમાં નિશ્ચય થઈ ગયો. પણ મોડો—ઘણો મોડો!

o

આ બાજુ સૂરજ ડૂબ્યો અને આ બાજુ ચંદ્ર ઊગ્યો. તે દિવસે પૂર્ણિમા હતી. અમીધારા વરસાવતી ચાંદનીમાં ડુંગરાઓ શોભી ઊઠ્યા હતા. રાજગૃહ નગરીની રોનક ફરી ગઈ હતી. સેંકડો ધવલ ગૃહો ચાંદનીમાં નાહી રહ્યાં હતાં. જંગલની શોભા અનોખી બની ગઈ હતી, અને નદીના તીરપ્રાંતોમાં તો જાણે સૌન્દર્યનો સાગર રેલાઈ રહ્યો હતો. ચાંદનીઓ અનેક હતી. પણ આજની આ ચાંદની, બીજી અનેક પૂર્ણિમાઓથી જાણે જુદી હતી. આજની એવી ચાંદની હતી, જાણે કે એ ઇતિહાસ કહેવા માટેની કોઈ કૌમુદી કવિતા હોય!

અજાતશત્રુના મનમાં આવ્યું: 'અરે! બીજું કાંઈ નહિ, આ સમૃદ્ધિ ન હોય, આ રાજ ન હોય, આ રાજ-વારસો ન હોય, ભલે કાંઈ કહેતાં કાંઈ ન હોય, પણ કેવળ હૃદયમાંથી આવી ચાંદની જેવી ધોળી, સ્વચ્છ, પવિત્ર, કોઈ વાત વહેતી હોય—આહ! એ આનંદની તોલે, મોટામાં મોટા સામ્રાજ્યભોક્તાનો આનંદ પણ શું હિસાબમાં?

'પણ એવું હૃદય ક્યાં હશે? જ્યાંથી નિરંતર આવી ચાંદની જેવી સ્વચ્છતા વરસતી હશે?

'એવું મન ક્યાં હશે, જ્યાં એક પણ આપઘાતી વિચાર જન્મતો નહિ હોય?' કુવિચાર એ નાના પ્રકારના આપઘાત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સિવાય બીજું કાંઈ નથી, એ હવે એને સમજાતું હતું, જોકે, ઘણું મોડું.

અને એને એ વખતે જીવકકુમારની વાણી યાદ આવી ગઈ. એનો આ ઓરમાન ભાઈ તક્ષશિલામાં ભણ્યો હતો. મહા ભિષગ્વર હતો. એની ભિષગ્વર તરીકેની કીર્તિ બધે ફેલાયેલી હતી, તો ભગવાન તથાગતના શ્રદ્ધેય અનુયાયી તરીકેની એની સુવાસ, આખી નગરીમાં રેલાઈ રહી હતી. ભગવાનનું ઔષધ એ જ કરતો.

એ શ્રીમંતો પાસેથી શ્રીમંતાઈ પ્રમાણે કાર્ષાપણ લેતો, અને બદલામાં ગરીબ પાસેથી કાંઈ જ ન લેતો. એના હાથમાં અમૃત વસ્યું હતું. એ જે દર્દીને સંભાળતો એ દર્દી જાણે જીવી જતો. એવી અદ્‌ભુત યશરેખાનો એ સ્વામી હતો કે, રાજાને એની પાસે પોતાની રાજલક્ષ્મી પણ પાણી ભરતી લાગતી.

છતાં રાજા અજાતશત્રુને એના પ્રત્યે પ્રીતિ ન હતી. એની સામે વેર હતું. પણ હમણાં હમણાંમાં જ્યારે ઉદાયી-ભદ્રને એણે નવું રૂપ પ્રગટાવતો દીઠો, ત્યારે એની એ વૃત્તિને રૂપાંતર પમાડવા માટે, એને આ ભિષગ્વર સાંભર્યો હતો. એનો આધાર લેવાનું એને મન થયું હતું. એટલે એ વારંવાર એની પાસે જતો–આવતો થયો હતો.

આજે આ ચાંદનીભરી સુંદર રાતે, જીવકકુમારે અજાત-શત્રુને પોતાને ત્યાં આવવાનું કહ્યું હતું. એ વખતે તે એક પરમ ઔષધ બતાવવાનો હતો. જે ઔષધ, રાજાનું, રાજ-કુમારનું, અને તમામ અંતેવાસીઓનું, મન ફેરવી નાખનારું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બને તેવું હતું. એનો એક જ પ્રયોગ, રાજા માટે પરમ અમૃતરૂપ બનાવવાનો હતો. પછી રાજકુમારને પણ, રાજા પ્રત્યે અનોખી જ ભાવના જાગે, એવી એ ઔષધમાં શક્તિ હતી. એ ઔષધની એક ખૂબી હતી. જે લે એને તો એ અસર કરે; પણ લેનારના સંબંધમાં આવે એને પણ એની અસર થાય ને થાય.

પણ એણે રાજાને કહ્યું હતું કે તમે પાંચસો હાથી ઉપર આવજો. આપણે જંગલમાં ઔષધ લેવા જવાનું છે. એ ગ્રહણ કરવાની પળ આજે જ છે.

રાજાએ પાંચસો હાથી તૈયાર કરાવ્યા. તેના ઉપર એના અંતઃપુરની એક એક સ્ત્રી–સૈનિક બેઠી. સેંકડો મશાલો સાથે લીધી. અદ્ભુત ઠાઠમાઠથી, એ જીવકકુમારને ત્યાં જવા માટે નીકળ્યો.

જીવકકુમારના આમ્રવન તરફ રાજા આવ્યો. પણ ત્યાં ડુંગરમાળાની પાછળ ચંદ્ર છુપાઈ ગયો હતો. ચાંદની રેલાઈ રહે એટલો ઊંચો એ આવ્યો ન હતો. વનની કાંઈક અગમ્ય જણાય એવી અંધારછાયા, ત્યાં આવી રહી હતી. રાજા આ અંધારછાયા તરફ જોઈ રહ્યો. પાછળની ડુંગરમાળા, અંધકારઘેરી ખીણ, વનના ગાઢ છાયા–પડછાયા, અને શૂન્ય જેવું એકાંત—આ બધું જોઈને, રાજાના દિલમાં એક આશંકા ઊભી થઈ ગઈ. તેને વિચાર આવી ગયો : 'જીવકકુમાર મને દગો તો નહિ દેતો હોય? અત્યારે કોઈ સેના મારી સાથે નથી. હું એકલો છું. એના મનમાં દગો હોય તો ના નહિ. આવડા મોટા રાજનું માલિક થવું કોને ન ગમે? મેં મહા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મંત્રી બ્રાહ્મણ વર્ષકારને પણ આ વાત જણાવી નથી. મારો આંહીં ઘાત થઈ જાય, તો રાજગૃહ નગરીમાં કોઈને ખબર પણ પડે નહિ. એના મનમાં આ વિચાર ઘોળાવા માંડયો અને પછી તો એ આશંકાએ અને ભયે એવાં એવાં ભૂત ઊભાં કર્યાં કે, એ તંગ થઈ ગયો. ગમે તે ક્ષણે જીવક-કુમારના ખૂની સૈનિકો, એના ઉપર આ બાજુથી કે તે બાજુથી હુમલો લાવશે, એ આશંકાએ એ પોતાના ધનુષબાણને સજ્જ કરીને લડવા માટે જાણે તૈયાર થઈ ગયો. એક પળ-ભર તો એને એમ થઈ ગયું કે જીવકકુમાર આવે કે તરત એના ઉપર જ પહેલો ઘા કરી નાખું!

એટલામાં જીવકકુમાર બહાર આવ્યો. તે પોતાના હસ્તિપટ્ટ શ્વેત ગજરાજ ઉપર બેઠો હતો. એની પાસે કોઈ અસ્ત્રશસ્ત્ર ન હતાં, કે એની સાથે કોઈ અનુચર પણ ન હતો.

પણ રાજાને તો એ જોઈને વધારે શંકા ઊભી થઈ ગઈ.

રાજાને થયું કે જીવકકુમાર જાળ બિછાવવામાં કેવો ભયંકર છે?

પોતે શસ્ત્રઅસ્ત્રહીન આવ્યો છે. સાથે કોઈ અનુચર લાવ્યો નથી. એનો અર્થ રાજાને હવે સ્પષ્ટ સમજાવા માંડયો.

એનો અર્થ એ કે ગાઢ જંગલમાં એના ભયંકર સૈનિકો છુપાયા હશે. અને જેવો એ જંગલમાં પ્રવેશ કરશે કે એ બધા એના ઉપર તૂટી પડશે!

એના પાંચસોયે પાંચસો સ્ત્રી–સૈનિકો, અને એ પોતે આજે જંગલમાં કહી જવાના!

રાજાનું મન શંકાશીલ થયું. જીવકકુમારે ભારે જાળ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બિછાવી હતી. આંહીં આમ્રવન પાસે હુમલો થાય તો કાંઈક ઘોંઘાટ થાય, કોઈને ખબર પડે, કોઈ મદદે દોડે, પણ ભયંકર જંગલમાં તો કાંઈ પત્તો જ લાગે નહિ !

જીવકકુમાર ભયંકર હતો. કૃતઘ્ની હતો. મહા ક્રૂર હતો. રાજલોભી હતો. ગમે તે પળે, હવે એ પોતાને હણી નાખે તેમ હતો.

એવા એવા ખ્યાલ એના શંકાભરેલા દિલમાં ઊભા થયા.

શંકા, આશંકા, અવિશ્વાસ—રાજાના દિલમાં એક મહાન તુમુલ યુદ્ધ મચી રહ્યું.

ડહાપણ, પહેલો ઘા કરવામાં હતું. પણ તે પહેલાં શબ્દો બોલીને કાંઈક વાત જાણી લેવાની મતિ એને સ્ફુરી.

'ભણે જીવક ! હું તને એમ પૂછું છું કે આપણે ગાઢ જંગલમાં પ્રવેશ કરવો છે, ને તારી પાસે તો કોઈ અનુચર પણ તેં રાખ્યો નથી. એ શું ? આ તો નવી નવાઈની વાત ! ભણે જીવકકુમાર ! તારું દિલ તો શુદ્ધ છે નાં ?'

જીવકકુમાર તો રાજાની વાણી સાંભળતાં છક્ક થઈ ગયો. એ એની સામે જ જોઈ રહ્યો.

પણ એ રાજા એના આશ્ચર્યનો નવો જ અર્થ ઘટાવી રહ્યો : જવાબ નથી આપી શકતો. એ વાત બતાવે છે કે એના દિલમાં મહા વિશ્વાસઘાત રમી રહ્યો છે. વાતની લેશ પણ ગંધ ન મળે એ માટે, એ ભારે સાવધાની રાખી રહ્યો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતો, તે છતાં મેં આટલું કળી કાઢ્યું, એટલે એ દિઙ્મૂઢ બની ગયો છે!

રાજાના દિલની વિચારસરણી આ રીતે વહેવા માંડી ગઈ!

એટલે તેણે ફરીને પણ જીવકકુમારને કહ્યું: 'ભણે સૌમ્ય જીવક! મારી સાથે કોઈ કપટ તો તું રમતો નથી નાં? મને ફસાવવાની વાત તો કરતો નથી? કોઈ ગુપ્ત શત્રુના હાથમાં મને સોંપી દેવાની વાત તો તારા દિલમાં બેઠી નથી? તારું દિલ તું જાણે, સૌમ્ય જીવક!'

જીવકકુમાર તો આવી વાત સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયો. પણ તે મહાજ્ઞાની હતો. સમજી ગયો. આ વાણી રાજા બોલતો નથી, રાજાનું દિલ બોલે છે. એના એ દિલમાં પેલા મહાભયંકર પિતૃઘાતક કલંકનો પડછાયો હજી પણ બેઠો છે. એટલે એની પાસે આ ભૂતાવળો ઊભી થાય છે!

માણસના દિલમાં જ કુકર્મ બેઠું હોય, તો તેને.... આમૂલાગ્ર ખસેડ્યા વિના, કોઈ જ વાત એના દિલને શાંતિ આપી શકે નહિ!

રાજાએ તો તે વખતે બધે એમ વાત ફેલાવેલી હતી કે રાજા બિંબિસાર વિષમુદ્રિકા ચૂસીને મરણ પામ્યો. પોતે પિતૃઘાતનો દોષ કર્યો જ નથી, એવી હવા એણે ફેલાવી હતી.

પણ એનું દિલનું દિલ જાણતું હતું કે પિતૃઘાતનો દોષ એને આંગણે આવે છે. એ દોષની એ ખુલ્લા દિલે કબૂલાત ન કરે, અને એનું પ્રાયશ્ચિત્ત ન માગે, ત્યાં સુધી કલંકના પડછાયામાંથી એ મુક્ત ન થાય.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પિતૃહત્યાની આ શંકાથી પ્રેરાઈને જ, એ પોતાના રાજકુમાર તરફ પણ, પ્રીતિવર્તન દાખવે છે!

એની એ પ્રીતિ ખોટી છે. વાત ખોટી છે. એનું દિલ ખોટું છે. એના પિતા તરીકેના દિલમાં પિતાનું દિલ નથી. પેલા ભયંકર પાપનું પુનરાવર્તન ન થાય, એ માટેની ભયમિશ્રિત સાવચેતી છે! એની પાસે પિતાની પ્રીતિ નથી—કેવળ ભય છે. માત્ર સાવચેતી છે.

પહેલાં એ ભગવાન તથાગતને ચરણે, પોતાનો મહા દોષ ખુલ્લા દિલે, કોઈ પણ જાતના ઢાંકપિછોડા વિના મૂકે, ત્યાર પછી જ, એ પોતે પોતાની સાચી પ્રીતિ દ્વારા કુમારના દિલને સ્પર્શી શકે.

તે પહેલાં કાંઈ જ બને નહિ.

પ્રીતિની આ ખૂબી છે. એ પાપના કોઈ જ પડછાયામાં રહી શકતી નથી.

એણે બે હાથ જોડીને કહ્યું: 'મહારાજ! હું તો તમારો રાજભિષગ છું. મારામાં ભય ના હોય. હું તો તમને નિર્ભયતાનો રસ્તો બતાવું. આજે તમારા હૃદયમાંથી હૃદયની સાચી વાણી આવી. મહારાજ! હવે એ વાણી જ તમને પ્રકાશ આપનારી બનો. આપણે જે પરમ ઔષધની વાત કરી હતી, તે કોઈ જંગલની જડીબુટ્ટી નથી, પણ ભગવાન તથાગતની સુંદર નિર્મળ વાણી છે. આપણે ચાલો, હવે ત્યાં જઈએ. અને તમે ત્યાં તમારા હૃદયની સાચી વાત કહી નાખો. મહારાજ! તમને શંકા જાગી, એ બતાવે છે કે તમારા દિલમાં શંકા રહે છે. કારણ કે, તમે જે પિતૃહત્યા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરી છે, તેને ઉપરથી છાવરીને જ, તમે વ્યવહાર ચલાવી રહ્યા છો.

'આજે આપણે ચાલો, એ પિતૃહત્યાનો દોષ પ્રગટ કરીને છેક નવેસરથી જીવન શરૂ કરીએ.

'મહારાજ ! કોઈ દગો નથી. કોઈ વિશ્વાસઘાત નથી. ક્યાંય કોઈ દુશ્મન છુપાયો નથી. દુશ્મનનો પડછાયો તમારા દિલમાં રહે છે ! એ પડછાયો જશે, જ્યારે દોષનો ડાઘ ભુંસાઈ જશે.

'તમારા વ્યક્તિત્વના અભિમાને, મહારાજ ! તમે આવા મહાન દોષને દિલમાં રાખી રહ્યા છો, ને માની રહ્યા છો, ને સૌને મનાવી રહ્યા છો કે, દોષ ક્યાંય નથી. દોષ ક્યાંય હતો જ નહિ !

'એ હવાને ઉડાડી મૂકવા માટે આપણે ભગવાન તથાગતના ચરણમાં બધી જ વાત ખુલ્લે દિલે મૂકી દઈએ. ચાલો, મહારાજ ! આ નિરભ્ર ચાંદની જેવું સ્વચ્છ દિલ મેળવ્યા વિના, કોઈ, કોઈને ફેરવી શકતું નથી.

'આપણે કુમાર ઉદાયીભદ્રને ત્યારે જ ફેરવી શકીએ, જ્યારે પહેલાં આપણે ફરી જઈએ.

'ચાલો, મહારાજ ! ભગવાન તથાગત પાસે ચાલો !'

જીવકકુમારની વાણીથી શાંતિ પામીને રાજા ભગવાન તથાગત પાસે જવા માટે નીકળ્યો.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# કલાવંતની સૂબાગીરી !



બાદશાહ જહાંદારશાહનો જમાનો ચાલતો હતો. ઔરંગઝેબ બાદશાહને મરણ પામ્યે માંડ પાંચ–સાત વર્ષ થયાં હશે ત્યાં તો દિલ્હીમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. કલાવંતો રાજ કરે, એવો જમાનો આવી ગયો હતો.

બાદશાહે એક હુકમ કાઢયો. કલાવંત નિયામતખાન-ને મુલતાન જેવા સરહદી સૂબાનો સૂબેદાર નીમો !

મુલતાનની સૂબેદારી તો નિત્યની આકરી કસોટી માગે તેવી હતી. ત્યાં એક કલાવંતને સૂબેદાર નીમવો, એ તો મૂર્ખાઈની પરિસીમા હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ નામદાર બાદશાહનો હુકમ થયો એટલે પછી એ હુકમ પાછો પણ કોણ ઠેલી શકે? અને એમાં આ તો બાદશાહ જહાંદારશાહ. જેની કોઈ પણ વિચિત્રતાને કોઈ હદ જ નહિ!

કલાવંત નિયામતખાન, વઝીર ઝુલ્ફિકારખાન પાસે આંટાફેરા કરવા માંડયો. હુકમ મળી જાય તો પોતે મુલતાન પહોંચી જવા માગતો હતો. એને સૂબો થઈ જવાનો કોડ જાગ્યો હતો. પતનકાળે દરેકને લાગે છે, કે એ દરેક કામ માટે લાયક છે!

પણ રહીસહી બાદશાહીને ટકાવી રાખવા માટે ઝુલ્ફિ-કારખાન પ્રયત્ન કરી રહ્યો હતો. એટલે એણે એને કાંઈ કોઠું આપ્યું નહિ. નિયામત આંટા મારતો રહ્યો.

છેવટે થાકીને નિયામતે એક દિવસ પૂછી પણ નાખ્યું: 'ખુદ બાદશાહ ખુદાવંદનો ખાસ હુકમ છે. આ હુકમ માત્ર તમારે મને તો આપવાનો જ છે, એમાં આટલી બધી ઢીલ થવાનું શું કારણ બને છે, નામદાર? કોઈને કાંઈ વાંધો હોય, તો એનો પણ નિકાલ થાય. પણ આ તો કોઈ વાંધો બતાવતું નથી, માત્ર ઢીલ કરે છે!'

ઝુલ્ફિકારખાન કલાવંતના કહેવાનો અર્થ સમજ્યો. તેણે સ્પષ્ટ કહ્યું ન હતું, પણ કોઈને કાંઈ પેટમાં દુઃખતું હોય તો એનો ઉપાય કરવા માટે પણ એ તૈયાર હતો, એવો ધ્વનિ એમાંથી નીકળતો હતો!

દિલ્હીમાં તો દામ વિના કોઈ કામ કરતું જ નહિ. એટલે એ હવાને ઉદ્દેશીને જ કલાવંતે આ વાત કરી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઝુલ્ફિકારખાન થોડી વાર વિચારમાં પડી ગયો. પછી એણે ધીમેથી કહ્યું : 'દિલ્હીમાં એક શિરસ્તો થઈ પડયો છે, એ કાંઈ તમારાથી અજાણ્યું ન હોય. આંહીં તો બધાને અત્યારે અશરફીની પડી છે. બાદશાહ સલામત નહિ, અશરફી રાજ કરે છે, એમ કહીએ તો ચાલે. પણ તમે કલાવંત છો. તમારી પાસે અશરફી માગવી એ ઠીક નથી. પણ તમે બસો'ક તંતુવાદ્ય મોકલાવો, એટલે તમારું કામ થઈ જશે!'

કલાવંતે રાજદરબારની ખટપટો તો કોઈ દિવસ જાણી જ ન હતી. એટલે એ તો સાચેસાચ સમજ્યો કે બસો તંતુવાદ્ય મોકલવાથી કામ થઈ જશે. એટલે એણે તો એકાદ અઠવાડિયા સુધી ખૂબ મહેનત કરી અને બસો તો નહિ, પણ પોણા બસો જેટલાં તંતુવાદ્યો—સિતાર—ભેગાં કર્યાં. અને એ મોકલી દીધાં!

પણ ઝુલ્ફિકારખાને કહ્યું : 'બસોમાં એક પણ ઓછું હશે તો નહિ ચાલે. બરાબર બસો જોઈએ.'

કલાવંતનો હવે પિત્તો ગયો. કલાવંતે બાદશાહને કાને આ વાત નાખવાનો નિશ્ચય કર્યો. તેણે બાદશાહ સલામત પાસે વઝીરની આ વાત કહી.

બાદશાહને પણ અચંબો થયો કે માણસ અશરફી માગે એ તો સમજી શકાય, પણ આટલાં બધાં સંગીતવાદ્યોને શું કરવાનાં હતાં? બે-ચાર હોય તોપણ ઠીક, વખતે પોતાના ઘરઉપયોગ માટે હોય, પણ આ તો બસો વાજિંત્રો હતાં!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાદશાહે ઝુલ્ફિકારખાનને બોલાવ્યો, અને નિયામતખાનની ફરિયાદની વાત કરી.

'બસો વાદ્યો તમારે ભેગાં કરીને શું કરવાનાં હતાં કે બિચારા કલાવંતને હેરાન કર્યો?'

ઝુલ્ફિકારખાને નીચા નમીને સલામ કરીને જવાબ વાળ્યો: 'નામદાર! કલાવંતો સૂબાગીરી કરવા જશે, તો તેમની જગ્યાએ આપણે કોઈને મૂકવા તો પડશે નાં? એટલે અધિકારીઓ બધા કલાવંતો બની જાય, એમની તાલીમ માટે, આ મગાવ્યાં છે, જેથી એકદમ ખોટ જણાય નહિ.'

રહી રહીને પણ બાદશાહની સાન તરત ઠેકાણે આવી ગઈ. તેને ઝુલ્ફિકારખાનની વાત સાચી લાગી.

તેણે તરત નિયામતખાનને નીમવાનો હુકમ રદ કર્યો.

કલાવંતની સૂબાગીરીનો અંત આવી ગયો.

વઝીરે નીચા નમીને કુર્નિશ બજાવી અને રજા લીધી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# આનંદઘનની મસ્તી !



**અવધૂ નામ હમારા રાખે, સોઈ પરમ મહારસ ચાખે. અ૦**
**ના હમ પુરુષા, ના હમ નારી, વરન ન ભાંતિ હમારી,**
**જાતિ ન પાંતિ, ન સાધન સાધક, ના હમ લઘુ, નહિ ભારી. અ૦**

મહાજોગી જતિ આનંદઘનજી હવાના તરંગેતરંગને પોતાનાં મસ્ત ભક્તિગાનોથી ભરી દેતા, એક વખત અમદાવાદમાં પણ આવી ચડયા હતા.

આનંદઘનજી પાસે નિઃસ્પંદ મન, જોગી જતિનું હતું. તો એની ભક્તિમસ્તી બાઈ મીરાં અને સૂરદાસની હવાની હતી. આત્માનો બંધુ આત્મા—એ જ્ઞાનોદધિમાં એ નિરંતર વિહરતા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એની આસપાસની હવામાં કોઈ કોઈ પળે, કોઈ એવી તો શબ્દસૂરની મસ્તી જાગી ઊઠતી કે સાંભળનારા ડોલી ઊઠે. સમજનારા તો તરી જાય!

**'ના હમ મનસા, ના હમ શબ્દા, ના હમ તનકી ધરણી,**
**ના હમ ભેખ, ભેખધર નાહિ, ના હમ કરતા કરણી—'**

એમાં એક વખત જ્ઞાનની ટોચ દેખાય, તો બીજી જ ક્ષણે, જોગંદર જોગીની આંખમાં બેઠેલી કોઈક અનુપમ રસ-છબી પણ પ્રગટ થાય. એ વખતે વળી એના તાનમાં શબ્દની નવી જ લહરી ઊપડે :

**'પીયા તુમ, નિઠુર ભયે કયું ઐસે?—નિઠુર**
**ફૂલ ફૂલ ભ્રમર કીસી ભાઉંરી ભરત હું**
**નીવડે પ્રીત કયું ઐસે,**
**મેં તો પીયુતે ઐસી મીલિ આલી,**
**કુસુમવાસ સંગ જૈસે,**
**પીયા તુમ, નિઠુર ભયે કયું ઐસે!'**

જોગી જોગંદર ફરતા ફરતા એક વખત અમદાવાદ આવી ચડચા હતા. અને એની મસ્તીના રંગમાં અમદાવાદ જેવા વિવેકી નગરને પણ એમણે ગાંડું બનાવી દીધું હતું.

ટોળેટોળાં એને સાંભળવા મળતાં. અને એમાં પણ જ્યારે એ પોતાના ખરા મસ્તીરંગમાં આવી જતા, ત્યારે તો ઘડીભર જાણે હવા આ રંગથી રંગાઈ જશે, એવું બની જતું. મહાજતિ જોગંદર આનંદઘનજી, જે શબ્દને સ્પર્શતા, એ શબ્દ જાણે તેજોમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, રસમૂર્તિ બની જતો. એ કેવળ બોલવાનો શબ્દ ન રહેતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આનંદઘનજી મૂળ તો મેડતાના. મેડતા, જ્યાં રાજરાણી મીરાંબાઈએ ચિત્તોડ જેવા ચિત્તોડના ગૌરવભરેલા સિંહાસનેથી, ગાયું—હતું—કે—

'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ,
અબ તો વાત ફેલ ગઈ—જાનત સબ કોઈ.'

એવી નિઃસ્પૃહી હવામાં ઉછેર હતો, એટલે આનંદઘનજીના દિલની રજેરજ નિઃસ્પૃહી બની ગઈ હતી. ન ધનની ઇચ્છા, ન માનની ઇચ્છા, ન કીર્તિની ઇચ્છા, ન નામની ઇચ્છા. નિરિચ્છા એ જ એક મહા ઇચ્છા.

આવા આનંદઘનજીએ એક વખત મેડતાને પણ ઘેલું કરી દીધું હતું. અજબ શબ્દો, અજબ હવા, અજબ સ્વરો, અને અજબ ગાવાવાળો. માનવમેદની જામી જતી.

એક વખત આનંદઘનજી ત્યાં વ્યાખ્યાન કરે. ચાતુર્માસ રહેલા. અને આખું નગર એની કથા સાંભળવા આવે. શબ્દે શબ્દે જાણે જ્ઞાનદીપ પ્રગટે.

એક વખત એવું બન્યું કે, પોતે જ્યાં વ્યાખ્યાન શરૂ કરે છે, ત્યાં શ્રોતાઓમાંથી કોઈ બોલ્યું : 'બે પળ થોભીએ. નગરશેઠને આવવાની તૈયારી છે.'

ત્યાં રિવાજ જ પડી ગયેલો કે નગરશેઠ આવે પછી વ્યાખ્યાન શરૂ થાય. અને એ એક અણલખ્યો નિયમ બનતાં સુધી કોઈ જૈન સાધુએ પર્યુષણવ્યાખ્યાન વખતે તો ઉલ્લંઘેલો પણ નહિ.

પણ આનંદઘનની મસ્તી તો ઓર હતી. એનાં વ્યાખ્યાન એ બીજાનાં જેવાં કરવાનાં વ્યાખ્યાન ન હતાં. એ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો જે વખતે, મન, મનની સાથે જ્ઞાનગોષ્ઠિ માંડી બેસે, તે જ વખતે એમનું વ્યાખ્યાન શરૂ થઈ જાય. પછી જે આવે તે ભલે, ન આવે તે પણ ભલે.

આનંદઘનજીના દિલમાં આજ એવી જ્ઞાનપળ પ્રગટી હતી. અને એમણે તો વ્યાખ્યાન શરૂ કરી દીધું.

એમાં અજબ જેવી વાતો આવી. બધા જ્ઞાનમાં વિહરવા લાગ્યા. જરા મોડેથી નગરશેઠ આવ્યા, તે પણ વંદના કરીને ત્યાં બેસી ગયા. પણ પોતાની હાજરી વિના વ્યાખ્યાન શરૂ થઈ ગયું, એનો અભિમાનકંટક એમના દિલને લાગી ગયો.

છેવટે શ્રાવકો વંદન કરીને જવા માટે ઊઠયા—ત્યારે આ શેઠ પણ ત્યાં નમવા ગયા. પણ નમતાં નમતાં બોલ્યા વિના રહી શકયા નહિ : 'મહારાજજી ! સેવક ઉપર દયા કરી, જરાક વ્યાખ્યાન થોભાવ્યું હોત !'

શેઠે શબ્દ તો સેવક વાપર્યો હતો, પણ એમાં રણકો સ્વામીનો વાગતો હતો.

આનંદઘનજી કાંઈ બોલ્યા નહિ. એક દયાનજર જ કરી.

પણ અભિમાનનો કાંટો ભયંકર છે. તે શૂળની પેઠે ભોંકાયા કરે છે. એટલે વંદના કરતાં કરતાં ફરીને પણ એ બોલ્યા : 'જરાક સેવક ઉપર દયા કરી થોભ્યા હોત !'

પણ આનંદઘનજી તે વખતે પણ કાંઈ બોલ્યા નહિ. દયાની નજરમાં કરુણાનું સ્મિત આવ્યું.

પણ એટલામાં તો શેઠ ત્રીજી વખત બોલ્યા. અને આ વખતે તો શબ્દોમાં જાણે સિક્કાનો રણકો સંભળાયો :

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'કપડાં હું વહોરવું, આહાર હું વહોરાવું, પરિચર્યા પણ હું કરું, એ પ્રમાણે પણ, એ બધું ધ્યાનમાં લેતાં, મહારાજજી! જરાક જ ન થોભાયું? અમારા જેવા ઉપર તો કૃપા કરવી ઘટે!'

શેઠના શબ્દોમાં હવે સિક્કાનો રણકો સ્પષ્ટ જ હતો. આનંદઘનજીને લાગ્યું કે હવે મૌન એ મૌન ન હતું. એ તો જાણે કે મળેલાં સાધન ન તજી શકવાની અશક્તિનો એકરાર હતો. હવે એ ભીરુતા હતી, રાગ પણ હતો. પોતે મહામસ્ત હતા. અને સાધુ માટે મહામસ્તીનો વૈભવ કેવો અમૂલ્ય છે એ અનુભવથી જાણતા હતા. એટલે એક પળમાં જ દિલમાં મહામસ્તીની છોળ આવી ગઈ. નિઃસંગીને આટલો સંગ પણ શા માટે, એવી હવા આવી ગઈ.

આનંદઘનજીના શબ્દોમાં હવે અસલ નિઃસ્પૃહી રણકો આવી ગયો. એમાં ખૂબી એ હતી. ન હતી ત્યાં અશાંતિ, ન હતો ગુસ્સો. નિઃસ્પૃહ તપસ્વીની દૃઢતા ઝળકી ઊઠી, 'શેઠ! આહાર તો ખવાઈ ગયો છે. પણ તમને લાગે છે તમે કપડાં વહોરાવ્યાં છે, તો આ તમારાં કપડાં....'

અને અવધૂત જોગંદર સમા આનંદઘન ત્યાંથી તરત જ કપડાં તજી દઈ, એક મહાન મસ્તીભરી મસ્તીમાં ગાતા ગાતા જંગલમાર્ગે ચાલી નીકળ્યા.

એ મસ્ત દશામાં એમના દિલમાં કાવ્ય સ્ફુર્યું, અને એ કાવ્યની મસ્તીમાં લીન થઈ ગયા :


'આશા ઓરનની કયા કીજે,
ગ્યાન સુધારસ પીજે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આશા ઔરન કી કયા કીજે.
ભટકે દ્વાર દ્વાર લોકનકે,
કૂકર આશાધારી,
આતમ અનુભવ રસ કે રસિયા
ઊતરે ન કબહુ ખુમારી.
આશા ઔરનકી કયા કીજે.
આશા દાસીકે જે જાએ,
તે જન જગકે દાસા.
આશા દાસી કરે જે નાયક,
લાયક અનુભવ પ્યાસા. આશા.
મનસા પ્યાલા પ્રેમ મસાલા,
બ્રહ્મ અગ્નિ પરજાલી,
તન ભાઠી અવટાઈ પીએ કસ,
જાગે અનુપમ લાલી. આશા.
અગમ પીયાલા પીઓ મતવાલા,
ચીન્હે અધ્યાતમ વાસા,
આનંદઘન ચેતન વ્હે ખેલે,
દેખે લોક તમાસા. આશા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રાજાનો મહેલ !



એવી સુંદર જગ્યા જોઈને કાશ્મીરના નૃપતિ ચંદ્રાપીડને, ત્યાં એક મનોરમ ઉદ્યાન કરવાનું મન થઈ આવ્યું. તેણે આજ્ઞા કરી : 'જાઓ ! પરિચારકો ! નગર બહાર પેલા રમણીય તળાવની પાસે મનોરમ વાટિકા બનાવવાની છે. શિલ્પીઓને અને માળીઓને બોલાવી લાવો. આગામી વસંતઋતુનો કુસુમોત્સવ ત્યાં જ ઊજવવાની તૈયારી કરો. લોકોને માટે એ સ્થળ આનંદજનક થઈ પડશે !'

સઘળી તૈયારી થઈ ચૂકી. શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે રેખાએ-રેખા શિલ્પીઓએ દોરી મૂકી. મનતરંગ જેવાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પારિજાતનાં વૃક્ષોથી ઉદ્યાનને શણગારવાનું નક્કી થયું. કાશ્મીરી કેસરવૃક્ષોની પદ્માવલિ ઠેરઠેર શોભી ઊઠે, એવી સુંદર રચના થઈ ગઈ.

પણ જ્યાં ઉદ્યાનનો શૃંગારમંડપ કરવાનું નક્કી કર્યું હતું, ત્યાં જ એક ચાંડાલની ઝૂંપડી હતી. એક દીન વૃદ્ધ કંગાલ ચાંડાલ ત્યાં પડયો રહેતો હતો.

તેને અધિકારીઓએ કહ્યું : 'રે ભિખારી! ચાંડાલ! આ જમીનમાં રાજાનો હુકમ છે કે ઉદ્યાન બનાવવો. માટે તું આંહીંથી દૂર જા. તારાં લઘરવઘર ચીંથરાં ભેગાં કરીને આંહીંથી ન દેખાય તેવી જગ્યાએ ચાલ્યો જા.'

ચાંડાલ કાંઈ બોલ્યો નહિ. પણ બીજે દિવસે તે ત્યાં જ બેઠો હતો. અને બેઠો બેઠો પોતાનું જીર્ણ વસ્ત્ર સમારી રહ્યો હતો.

બીજે દિવસે સૈનિકો આવ્યા : 'જાય છે કે નહિ? – કે ધક્કા ખાવા છે?' તેમણે ચાંડાલને ધમકી આપી.

ચાંડાલે દૃઢ રીતે ઉત્તર વાળ્યો : 'તમે મારી ઝૂંપડી મારે હાથે વીંખાવી નહિ શકો.'

'ત્યારે? શું અમે તારી ચાંડાલની ઝૂંપડીને ફેંદશું?'

'ના, એમ પણ નહિ બને.' ચાંડાલે વધુ મક્કમતાથી કહ્યું : 'તમારે ઝૂંપડી ઉઠાવતાં પહેલાં તો મારું મડદું ઉઠાવવું પડશે. હું આંહીંથી નહીં ખસું!'

એટલે છેવટે ચંદ્રાપીડ પાસે ફરિયાદ આવી. રાજાએ પૂછ્યું : 'પણ એને વાંધો શો છે? એની જમીન કરતાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્રણગણી જમીન આપણે આપીએ — પૈસા આપીએ — પછી કેમ ન માને?'

પરિચારકો રાજાની આ વાત સમજી લઈને ચાંડાલ પાસે દોડ્યા: 'લે, રાજાએ કહ્યું છે, ત્રણગણી જમીન લે, જોઈએ એટલા પૈસા લે. પછી તો તને ખસવામાં વાંધો નથી નાં? બોલ, હવે શો વાંધો છે?'

ચાંડાલે વધારે દૃઢતાથી માત્ર માથું ધુણાવ્યું. અને પોતાના કામમાં લાગી ગયો.

'–જાત! માર પડશે એટલે જ માનશે–' પોતાની જાત બતાવંતા સૈનિકો ચાલ્યા ગયા.

o

બીજે દિવસે મહારાજા ચંદ્રાપીડ પોતે ત્યાં આવ્યો. ચાંડાલ પોતાના એકના એક જીર્ણ વસ્ત્રને શણગારી રહ્યો હતો એટલે કે — થોડાં જુદાં જુદાં ચીંથરાં એને લગાવી રહ્યો હતો.

મહારાજાએ કહ્યું: 'રે ચાંડાલ! આંહીં લોક માટે ઉદ્યાન થાય છે, એમાં તારી ઝૂંપડી આપવામાં તને શો વાંધો છે? — જોઈએ તો તું ત્રણગણી જમીન લઈ લે — પૈસા લે.'

વૃદ્ધ ચાંડાલે ઊભા થઈને હાથ જોડીને રાજાને નમન કર્યું, અને શાંતિથી કહ્યું: 'મહારાજા! તમારો મહેલ છે એ જગ્યા મને ઝૂંપડી બનાવવા માટે આપશો? આપ આ જમીન વાપરજો!'

'એવી ઘેલી વાત — નાખી દેવા જેવી વાત, તું શું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરે છે? મહેલમાં કેટલી પેઢી થઈ ગઈ છે, અને તારી ઝૂંપડી માટે મારો મહેલ પાડું?'

ચાંડાલ બોલ્યો: 'મહારાજ! આપને મન આ ઝૂંપડી છે, પણ મારે મન તો એ મહેલ જ છે. મારા બાપદાદા પણ આંહીં જ રહી ગયા હતા. એટલે એનું મૂલ્ય જ ન હોય. વળી મેં એમ સાંભળ્યું છે કે ધરતી એ માતા જેવી પવિત્ર છે. કેવળ રાજદંડના ભયથી કે મરણના ભયથી, કે લોભલાલચથી, જે માતાની અમૃતસેર વિસારીને એને તજી દે છે, એ માણસ રૌરવ નરકનો અધિકારી બને છે. મારી આ કંગાલ જેવી દેહ સમર્પણ કરવાથી જો મારી યશસ્વી જીવનભાવના અખંડિત રહેતી હોય, તો મને દેહનો લેશ પણ મોહ નથી કે એના નાશનો શોક નથી. મેં તો એમ માન્યું હતું કે આપ જેવા મહાન - જેમ અધિકારે, તેમ સમજણે અને સંસ્કારે, ઘણી ઉચ્ચ મનોભાવના રાખતા હશો. એ ઉપર આધાર રાખીને, આપની કાંઈક મંદ પડેલી સ્મૃતિને જગાડવાનો મેં પ્રયત્ન કર્યો હતો. પણ રાજદંડનો ભય કે મોટી લાલચ કોઈ મને ભ્રષ્ટ ન કરે, એટલે મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે ભલે તમારે મન આ મારી ઝૂંપડી એ ઝૂંપડી હોય, પણ મારે મન એ મને બાળપણથી રમાડનાર વહાલસોઈ માતા છે. ભયથી વ્યગ્ર બનીને એને હું છોડીશ નહિ. દેહ આજે પડે કે કાલે પડે એની મને ચિંતા નથી. મારી માતાને ખોળે પડશે, એ ધર્મલાભ મારે મન ઘણો છે.'

રાજા અને અધિકારીઓ ચાંડાલની વીરવાણી સાંભળી રહ્યા. પોતે આ વસ્તુસ્થિતિ પહેલેથી જોઈ શકયો નહિ. તેથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજા ચંદ્રાપીડ ગ્લાનિ પામ્યો. ચાંડાલ એ કળી ગયો.

'પણ એક રસ્તો છે, મહારાજ !'

'શો ?'

'આપના જેવા સંયમી રાજાઓ તો પહેલેથી એ જ ગ્રહણ કરતા આવ્યા છે.'

'શો ?'

'મેં સાંભળ્યું છે કે જૂના વખતમાં આવી સાર્વજનિક વસ્તુ તૈયાર કરવી હોય ત્યારે મહાજન સાથે રાજાઓ એના પાસે, એને માટે માગણી કરવા જતા.'

રાજાની આંખ ઊઘડી ગઈ. ચાંડાલની વાત સાચી માલિક લાગી. એ વખતે તો તે ગુપચુપ ચાલી નીકળ્યો.


૦

બીજે દિવસે રાજા ચંદ્રાપીડ ને મુખ્ય મુખ્ય નાગરિકો, ચાંડાલ પાસે એ જમીન લોકઉપયોગ માટે માગી રહ્યા હતા !

— અને ધોળા નિમાળામાં શોભતો, પેલો વૃદ્ધ કંગાલ ચાંડાલ, પોતાનું એકનું એક જીર્ણ વસ્ત્ર લઈને, સૌને નમન કરતો ત્યાંથી તરત ચાલી નીકળ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ગુરુ બંદાનો સૈનિક



તે દિવસની દિલ્હી નગરીનો દેખાવ જુદો જ હતો. રાજમહેલના રસ્તાની બન્ને બાજુએ માણસોની ઠઠ જામી ગઈ હતી. આઠ આઠ મહિના સુધી, થોડાક સાધન ઉપર ને મુઠ્ઠીભર અનાજ ઉપર રહીને બાદશાહી ફોજનાં ત્રીસ હજાર માણસોને જેમણે હંફાવ્યાં હતાં, એવા લોહરસ પીધેલા, ગુરુ બંદાના શીખ સૈનિકો આજે બંદીવાન બનીને આવતા હતા.

લોહીનીગળતાં સેંકડો માથાં ભાલા ઉપર લટકાવીને ચાલતા મુગલ સૈનિકો પહેલાં દેખાયા. તેમની પાછળ એક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હાથી ઉપર, લોહપિંજરમાં બેઠેલ ગુરુ બંદાનો, કોઈ પણ ભયથી પર એવો વીરદેહ દેખાયો. તેણે પહેરેલા લાંબા જામા ઉપર ઠેરઠેર દાડમનાં સુંદર ફૂલની ભાત ખીલી રહી હતી; માથા ઉપર હૃદયના રંગથી રંગ્યો હોય એવો લાલ પાઘ શોભી રહ્યો હતો; તેની પાછળ ખુલ્લી તલવારે એક અમલદાર ઊભો હતો.

— અને પછવાડે ગુરુ બંદાના સાતસો ચાલીસ બંદીવાન શીખ સૈનિકો આવી રહ્યા હતા, લોહની જંજીર ખખડાવતા, અલખની લખગર્જના જગાવતા. એક પણ ચહેરા પર ઉદાસીનતા નથી. પરિણામનો પશ્ચાત્તાપ નથી. મરણનો ભય નથી.

કુમળી વયનાં બાળકો અને માતાઓ — અનેકોની આંખમાંથી આંસુ ખરી રહ્યાં હતાં. તેમ કેટલાક ટીખળીઓ ટીખળ પણ કરતા હતા. ઘણાએ તો 'આ તારા કામનું ફળ' એમ કહ્યું, મોટેથી એ સાંભળે તેમ. પણ બંદીવાનોમાંથી એક પણ ચહેરા ઉપર કોઈ પણ જાતની લાગણીનું નામોનિશાન દેખાતું નથી. બધા કંઠમાંથી એક જ અવાજ આવી રહ્યો છે : 'અલખ નિરંજન!'

*

પછી એ બંદીવાનોને હણવાની વાત આવી.

ચબૂતરા ઉપર દરરોજ એક એક સોનાં માથાં ધડથી જુદાં પડે છે. અભય બનેલો એકેએક સૈનિક હસતે મોંએ પોતાના જલ્લાદને 'ઓ મુક્ત!' એમ બોલીને, 'પહેલો હું' એમ કહેતો આગળ આવે છે. વીરત્વની આ વાણીના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

 कोबा, जि. गांधीनगर, पीन–३८२ ००९. 

પડઘા, દિલ્હી નગરીના કોટ–કાંગરા ઉપર થઈને – દૂર દૂર પંજાબનાં મેદાનો ઉપર પથરાઈ જાય છે.

આ વાત ચાલતી હતી એવામાં, થાકથી, ભૂખથી, તાપથી, દુઃખથી, અંતરમાં ભરેલી મહાવેદનાથી, કેવળ આશાતંતુ ઉપર લટકતા હાડપિંજર જેવી, એક સ્ત્રીએ દિલ્હીમાં એક દિવસ પ્રવેશ કર્યો. બાદશાહ ફરૂખશિયરને મળવા — અને પોતાના એકના એક જુવાન પુત્રને બચાવવા તેણે મહાપ્રયાસ કર્યો. સૈયદ અબ્દુલ્લાખાન વજીરને, તેના દીવાન રતનચંદની મારફત, રાતદિવસ ખડે પગે ઊભા રહીને એણે અરજ કરી; આંસુથી પૃથ્વીને પલાળી દીધી, શબ્દોથી દિલને પલાળી દીધાં; પોતાનો જુવાન પુત્ર પાછો મેળવવા તેણે આકાશપાતાળ એક કર્યાં.

'મારો દીકરો—એકનો એક છે; ભોળો છે—એ તે લડાઈમાં હતો જ નહિ. પકડાઈ ગયો શીખોને હાથે—એટલે જ આંહીં આવ્યો છે, એ ગુરુનો સૈનિક હતો જ નહિ. મારો દીકરો એકનો એક છે, એને છોડો—એને છોડો! પાછો મને સોંપો. હું એને મારા ખેતરમાં લઈ જઈશ, ત્યાં ઝાડની છાયા નીચે અમે માદીકરો ખાટલા ઉપર બેસીને કટકબટક રોટલો ખાશું – મારો દીકરો મને સોંપો. હું એને સાચવીને લઈ જઈશ!'

સૈયદ અબ્દુલ્લાખાન વજીરનું અંતર પીગળ્યું. એણે બાદશાહને વિનંતી કરી. માફીપત્ર મેળવી વૃદ્ધ સ્ત્રીને આપ્યું.

*

વૃદ્ધ માતા બાદશાહી માફીપત્ર લઈને એક અમલદાર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાથે ચબૂતરામાં પહોંચી. સો માણસોની કતાર ત્યાં લાગી ગઈ હતી—અને આટલે દૂરથી એનું માતૃહૃદય જેની રાત-દિવસ ઝંખના કરી રહ્યું હતું, એ એનો જુવાન પુત્ર, દૂધભરેલ હોઠવાળો, કુંવર કનૈયા જેવો, સહેજ શ્યામળો, નખશિખ રૂપરૂપથી ભરેલો, ઊભો હતો—બરાબર તલવારની સામે. જલ્લાદની પાસે એનો જ વારો હતો....વૃદ્ધ સ્ત્રીના ધ્રૂજતા હાથમાંથી કોટવાળે બાદશાહી ફરમાન લીધું, અને વાંચ્યું. વૃદ્ધ સ્ત્રી સામે જોયું. વૃદ્ધાની આંખમાંથી શ્રાવણ–ભાદરવાનાં નીર વહી રહ્યાં હતાં.

પછી એણે ધીમેથી પેલા જુવાનને બોલાવ્યો: 'આ તારી વૃદ્ધ માતા આવેલ છે. જા, તને બાદશાહી માફી મળી છે. તારી માએ અરજ કરી છે કે એ તો શીખ સૈન્યમાં અમસ્તો ભૂલથી પકડાઈ ગયો હતો, ગુરુની સાથે લડાઈમાં હતો જ નહિ.'

—અને કોઈ એકાકી વજાખડક ઉપર જેમ વીજળી પડે, ભયંકર મેઘગર્જના સામે જેમ કેસરી હુંકાર કરે, એવા રુદ્રસ્વરૂપે, પેલા જુવાન સૈનિકે જવાબ વાળ્યો: 'મા કોને છે?—મારી માતા તો એક જ છે—અને તે આ ધરતી! જે લડાઈમાં ઘાસ ખાઈને, પાંદડાં ખાઈને, છેવટે મરી ગયેલ પશુનાં હાડકાં ખાઈને, મારા ભાઈઓ લડી રહ્યા હતા, ત્યાં જ હું પણ લડતો હતો. અમારું વીરત્વ નહિ, અનાજ ખૂટ્યું હતું—' અને એણે ફરીને દૃઢ સ્વરે મોટેથી જવાબ આપ્યો: 'હા, હું પણ પણ ત્યાં લડતો હતો.'

'દી ક રા!' વૃદ્ધ માતાનો શોકભારથી દબાતો ઠરડાતો,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અનેકના અંતઃકરણને ધ્રુજાવતો અવાજ, મહાવિલાપના શબ્દ જેવો, સંભળાયો ન સંભળાયો, ને કંઠમાં જ પાછો બેસી ગયો.

સૈનિક દીકરાનો વજ્રવાણીમાં જવાબ આવ્યો :

'મા! ઓ મા! ગુરુ ગોવિંદે ચાર ચાર પુત્રોનાં સમર્પણ કર્યાં અને તમને એક પુત્રનો મોહ છૂટતો નથી?— મારા સાતસો ચાળીસ ભાઈઓને છોડીને હવે હું એકલો ચાલી નીકળું? મા!—જાઓ, પાછાં ફરો. મને હવે મુક્તિમાંથી પાછો ન ફેરવો. જાઓ, મા! જાઓ! આપણા ખેતરની વાડીમાં, પેલા જાંબુડાના ઝાડ નીચે, કોઈ કોઈ ચાંદની રાતે તમને મળવા હું ચાલ્યો આવીશ. જાઓ, મા! જાઓ. મારો કોલ છે, પાછાં જાઓ!'

હાડકાંનો લોટ કરીને ખાતાં પણ જેમની છાતીમાં ધ્રુજારી છૂટી ન હતી એવા અનેકોની આંખ આ દૃશ્યે ભીની કરી દીધી.

પણ તરત જ સિંહના બાળકની પેઠે કૂદીને, પેલો જુવાન સૈનિક તો જલ્લાદની તલવાર નીચે ઊભો રહી ગયો હતો : હસતો હસતો બોલતો હતો : 'ઓ મુક્ત! આજ તો હું પહેલો! હું પહેલો!—ચલાવો, વાહ! ગુરુ કી ફતેહ! અલખ નિરંજન!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રાજા હનુમંતસિંહ



ઈ. સ. ૧૮૫૭નો સમય હતો.

મૈયા ગંગા, ગોમતી અને ગોગરાનાં પાણી માનવ-શોણિતથી ભરી દેવાનો, જાણે કે, નરમેધયજ્ઞ મંડાયો હતો.

ગુનેગાર કે બિનગુનેગાર, શાણો કે શયતાન, સાધુ કે સ્વાર્થી—ગમે તે હોય—ઈ. સ. ૧૮૫૭ના બળવાખોરોને એવો વિવેક કરવાનો વખત ન હતો. દાવાનળની માફક એક પછી એક ગામ ઝડપાતાં હતાં. ગંગા–ગોમતીને આશ્રયે આવતી અનેક હોડીઓ જોતજોતામાં, અશરણ અંગ્રેજો, સ્ત્રીઓ અને બાળકોનાં રુદન સહિત જલસમાધિ લેતી અદૃશ્ય થતી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચારે તરફ નાસભાગ હતી. સૌ જીવવા માટે ભાગી છૂટતાં હતાં.

ગંગા, ગોમતી અને ગોગરા—એમના બન્ને કિનારા—જીવનને હાથમાં લઈને રમનારા શૂરવીરોથી, અને ભયંકર લોહીતરસ્યા ગાંડાઓથી, છવાઈ ગયા હતા. સઘળાં સ્થળ બળવાખોર સૈનિકોના હાથમાં હતાં.

'એ હોડી નીકળી.'—એમ બૂમ ઊપડે, અને એ બૂમ પૂરી થાય ન થાય તે પહેલાં તો 'એ....ગ....ઈ'—એમ બૂમ ઊપડતી હતી.

વડ ઉપરથી ટેટા પાડવાની રમત જાણે ચાલતી હોય તેમ 'હોડી નીકળી,' અને 'હોડી ગઈ!' એ પડઘાથી વાતાવરણ ગાજતું હતું. હોડી નીકળે, તેવી ડૂબે.

એ વખતે કોઈ સહીસલામત ન હતું.

લખનૌ સર કરવા ઠેરઠેરથી બળવાખોરોના સૈનિકો એ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. હરેક ગામડું અશાંત હતું. હરેક માણસ બળવાખોરનો સૈનિક હતો. વાતાવરણ વિશ્વાસઘાતનાં ખંજરોથી છલોછલ ભર્યું હતું. આજે બે દોકડાનો લાગતો નરમઘેંશ ચપરાશી, કાલે 'રાઈફલ' લઈને 'સાહેબ! સંભાળજો!' કહેતો સામે ખડો થઈ જતો હતો. માણસ જાણે મડદામાંથી સરજાતાં હોય તેમ, ચારે તરફના પ્રદેશમાં જ્યાં ભાડૂતી સિપાઈઓ હતા, ત્યાં આજે સૈનિકો—ઊભરાયા હતા. સઘળા જાણે કોઈ અદૃશ્ય વીજળીના આંચકા અનુભવતા ન હોય તેમ લાગતું હતું.

એવે વખતે એક નાનો સરખો જણાતો પ્રસંગ બની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગયો. પણ રણભૂમિના અનેક મહાન બનાવોમાં એની એકની અમર નોંધણી થઈ ગઈ.

ફૈઝાબાદ જિલ્લામાં સાલોની નામે ગામ છે. ત્યાંના અંગ્રેજ ઑફિસરો પ્રાણ બચાવવા માટે, કાલાકંકરનરેશ રાજા હનમંતસિંહના અતિથિ બનીને ત્યાં રહ્યા હતા.

નવા જમીનદારી ધારાધોરણથી અનભિજ્ઞ—આ રાજાની ઘણીખરી જમીન, અદૃશ્ય રીતે, ને ન સમજાય તેવી રીતે; ખાલસા થઈ ગઈ હતી. કાલાકંકરનરેશને શિરને સાટે ખરીદેલી જમીનો આમ ચાલી જાય, એ વસમું તો બહુ લાગ્યું હતું, અને એનો મધ્યયુગના છેલ્લા અવશેષ જેવો, જ્વલંત, તેજસ્વી, સ્વમાનભરેલો ક્ષાત્ર સ્વભાવ ઘવાયો હતો—છતાં એ સઘળું જાણે બન્યું જ ન હોય તેમ, તેણે ભયત્રસ્ત અંગ્રેજ અતિથિઓને પોતાને ત્યાં રક્ષણ આપ્યું હતું. શરણાગતને રક્ષણ આપવાની એની આર્ય સંસ્કારિતાએ, એમને નકાર ભણવામાં, કેવળ અનાર્યતા દીઠી હતી.

કોઈએ કહ્યું પણ હતું : 'નરેશ! દાવાનળ લાગ્યો છે, ગામડે ગામડું સળગી ઊઠ્યું છે, આપણું સર્વસ્વ હણી લેનારને તમે ઊઠીને આવો આશ્રય આપો, એ અત્યારે છાજતું નથી!'

બીજાએ કહ્યું : 'હોય, ભાઈ, જમાનો છે. આપણા બાપદાદાએ માથાં રણમાં મૂકીને જમીન લીધી; આપણે માથાં અંગ્રેજોનાં ચરણમાં મૂકીને તો લઈએ. કામનું કામ ને ક્ષત્રિયધર્મનો અંચળો!'

રાજા હનમંતસિંહને સ્વજનોનાં આવાં અનેક તીક્ષ્ણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શર જેવાં વચનો વીંધી રહ્યાં હતાં. પણ હજી એણે વિવેક ગુમાવ્યો ન હતો. એનો એક જ જવાબ હતો: 'ભયત્રસ્તોને ને શરણાગતોને હણવાથી આપણી રજપૂતી લાજે. એમ હણનારો રજપૂત નહિ – કસાઈ છે, ચંડાલ છે.'

અનુયાયીઓ અંદર અંદર કાન કરડે છે : 'રજપૂતી તો કોણ જાણે, પણ રાજાને મોહ થયો છે—એ ચોક્કસ! અંગ્રેજોની અત્યારે સેવા કરીને સમૃદ્ધિ જમાવવાનો, શૂદ્રધર્મ રાજાને દોરી રહ્યો છે.'

પણ કાલાકંકરનરેશ રાજા હનમંતસિંહ પોતે, સાથે ચાલીને, જાતે તમામ અંગ્રેજોને અલ્લાહાબાદ સામેના ઉતાર-ઘાટ સુધી પહોંચાડી આવ્યો. સઘળા સહીસલામત હતા. છેલ્લી સલામ થઈ ગઈ. વિદાયઘડી આવી પહોંચી. ગંગા-મૈયાના કિનારા ઉપર રાજા ઊભો હતો અંગ્રેજો અલ્લાહાબાદ જવા વિદાય લઈ રહ્યા હતા.

તેમાંના એકે કહ્યું : 'રાજાસાહેબ! આવી જ રીતે અમે તમારી વધુ મદદની પણ આશા રાખીએ છીએ—બળવો સમાવી દેવામાં.'

રાજા હનમંતસિંહનું ઊંચું પડછંદ શરીર જરાક વધારે ઊંચું થયું. એ ટટ્ટાર થઈ ગયો. એનો સીનો પણ પલટાઈ ગયો. એણે જવાબ વાળ્યો : 'તમારા ઉપર અચાનક હુમલો થયો, ને તમે નિરાધાર ભયત્રસ્ત બની મારે ત્યાં આવ્યા, એ વખતે મારો ધર્મ સ્પષ્ટ હતો : મેં તમને જાનને જોખમે બચાવ્યા. પણ તમે કલમને એક ઝપાટે હજારો માણસોને જમીનવિહોણા કરી મૂક્યા છે. જે જમીન મારા કુટુંબમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૂર્યવંશી રામચંદ્રના વખતથી ચાલી આવે છે એમ કહું તો ચાલે, તે તમે એક સપાટે ઝૂંટવી લીધી છે. તમને નિરાશ્રિતને—ભયત્રસ્તને રક્ષણ આપવું એ મારો ધર્મ હતો—પણ હવે – હવે....' રાજા હનમતસિંહના શરીરમાં એક અદૃશ્ય વીજળીશો પ્રવાહ વહી રહ્યો....' હવે આવતી કાલે, મારા સઘળા મિત્રો અને સગાંસંબંધીઓના સૈન્યને મોખરે હું લખનૌ ઊપડવાનો છું. તમને અતિથિને રક્ષણ આપવાનો જેમ મારો ધર્મ હતો, તેમ મારી જમીનના અન્યાય માટે રણમાં લડવાનો કે પડવાનો, પણ મારો ક્ષત્રિયધર્મ છે. એ મારા બીજા ધર્મને હું ભૂલી ન શકું. હું તો મોખરે રહીને રણે જવાનો. મારો ધર્મ અવિચળ રહો!'

o

અમર વાણીથી પ્રોત્સાહન પામ્યાં હોય તેમ, મૈયા ગંગાનાં પાણી વધારે વેગથી વહી રહ્યાં હતાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અકિંચનનો અકિંચન!



વારાણુસી નગરીમાં એક અદ્ભુત બનાવ બની ગયો.

અન્નદાન આપવાના મહિમાની તોલે કોઈ મહિમા ન આવે, આ જ્ઞાન થતાં વારાણસીના એક શ્રીમંત શ્રેષ્ઠીએ એક દિવસ સેંકડો ભિખ્ખુઓને વારાણુસી નગરી તરફથી ભોજન માટે આમંત્રણ દઈ દીધું. નગરીની બહાર ભગવાન તથાગત સેંકડો ભિખ્ખુઓ સાથે જ્ઞાનગંગા વહાવતા વસી રહ્યા હતા. ત્યાં આ આમંત્રણ અપાઈ ગયું, અને શ્રેષ્ઠીનું આમંત્રણ એમણે સ્વીકાર્યું.

પણ શ્રેષ્ઠી પોતે એકલો સેંકડો ભિખ્ખુઓ માટેનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બંદોબસ્ત તાત્કાલિક કરી નાખે એટલો એને વખત ન હતો. વળી એમ કરે તો બીજાને, એમ થાય કે આપણને એણે આ લાભથી વંચિત રાખ્યા. એટલે એણે નગરજનોને એક સમિતિમાં બોલાવ્યા. જેને જેટલા યોગ્ય લાગે તેટલા ભિખ્ખુઓને પોતપોતાને ત્યાં ભોજનપ્રબંધ માટે આવતી કાલે આમંત્રવાની વાત કરી. નગરજનો એક પછી એક ઊભા થવા મંડચા. કોઈએ દસ ભિખ્ખુઓને આમંત્રણ આપ્યું. કોઈએ પચાસને, કોઈએ પચીસને, કોઈએ પાંચસોને. પોતપોતાની શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે એક પછી એક આમંત્રણ અપાતાં ગયાં. ભિખ્ખુઓનો આખો સંઘ નગરીમાં વહેંચાઈ ગયો! શ્રેષ્ઠીએ એક તમાલપત્ર ઉપર આમંત્રણ આપનારાઓનાં નામ, અને તેમને ત્યાં મોકલવાના ભિખ્ખુઓની સંખ્યા લખી લીધી.

હવે એવું બન્યું કે આ સમિતિમાં એક તદ્દન અકિંચન માણસ આવ્યો હતો. અકિંચનમાં અકિંચન!

એને પોતાને જ્યાં ખાવાના વાંધા હતા, ત્યાં એ કોઈને આમંત્રણ આપવા માટે તો આવ્યો ન હતો.

પણ વાતાવરણ જોઈને એને ઉત્સાહ આવ્યો. એને એમ થયું કે હું ગમે તેમ કરીને એકાદ ભિખ્ખુને તો મારે ત્યાં આમંત્રી શકું!

પોતે માંડ માગી ભીખીને પોતાનું પૂરું કરતો હતો, એ વાત જ એના મનમાંથી જાણે ઊડી ગઈ.

નગરશ્રેષ્ઠીએ તો સમિતિમાં આવેલા દરેકને તક મળે માટે દરેકને જેમ પૃચ્છા કરી હતી, તેમ એનો વારો આવતાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એને પણ પૃચ્છા કરી : 'ભો, મહાદુર્ગત ! તમારે ત્યાં કેટલા ભિખ્ખુ આવે ?'

મહાદુર્ગતે તરત ઊભા થઈને જવાબ દીધો : 'ભન્તે નગરશ્રેષ્ઠી ! મારે ત્યાં એક ભિખ્ખુ આવે. હું એકને માટે ભોજનનું નિમંત્રણ આપું છું !'

નગરશ્રેષ્ઠીને તરત પોતાની ભૂલ તો સમજાઈ ગઈ, કે આ પોતે ભિખારી હતો ને બીજા પાસેથી ભિક્ષા મેળવીને જીવતો હતો. તેને પૂછવામાં ભૂલ થઈ ગઈ. પણ તેણે એક ભિખ્ખુ માટે તરત આમંત્રણ આપી દીધું, એટલે એણે વિવેકની ખાતર તે વાત સ્વીકારી લીધી. પણ એક ભિખ્ખુના આમંત્રણમાં શી નોંધ કરવાની ? એમ વિચારીને એની કાંઈ નોંધ ન કરી.

હવે બીજે દિવસે ભિખ્ખુસંઘે નગરીમાં પ્રવેશ કર્યો. નગરશ્રેષ્ઠીએ જે પ્રમાણે નોંધ કરી હતી તે પ્રમાણે, એક પછી એક આવતા સમૂહને, જુદે જુદે સ્થળે, ભોજનપ્રબંધ માટે મોકલવાની વ્યવસ્થા કરવા માંડી.

લગભગ તમામ ભિખ્ખુઓ નગરીમાં વહેંચાઈ ગયા. કોઈ બાકી રહ્યું નહિ. હવે આ તરફ જે અકિંચન માણસે એક ભિખ્ખુ માટે આમંત્રણ આપ્યું હતું, તેણે એ એક ભિખ્ખુ માટે થઈને આગલે દિવસે પોતાની જાતને ઘસી નાખી હતી. અને એની વહુએ એમાં સાથ આપ્યો હતો.

બન્ને જણાં આકરામાં આકરી મજૂરીની શોધમાં નીકળ્યાં હતાં. લાકડાં ફાડવાના આકરામાં આકરી મજૂરી કરીને, એણે વધારેમાં વધારે કાર્ષાપણ મેળવવા માટે, ભગીરથ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રયત્ન કર્યો હતો. તો એની વહુ પણ ડાંગર ખાંડી ખાંડીને વધારેમાં વધારે કાર્ષાપણ મેળવવા માટે એની હરીફાઈમાં ઊતરી હતી.

આમ બન્ને જણાંએ આમંત્રણ માટે જાતને ઘસી ઘસીને એવી ઉજ્જ્વલ બનાવી દીધી હતી કે એમણે મેળવેલા કાર્ષાપણ જાણે અનોખી ઉજ્જ્વલતા પ્રગટ કરી રહ્યા હતા!

એક કાર્ષાપણમાંથી એમણે પોતાને ત્યાં આવનારા એક ભિખ્ખુ માટે ઊંચામાં ઊંચા પ્રકારના ભાત લીધા, ઘી લીધું, દહીં લીધું. બીજી પણ જે સામગ્રી જોઈએ તે લીધી. કઢીમાં નાખવાનાં સુંગધી પાન લેવા માટે તો એ પોતે જ નદીકાંઠે ગયો. અને એ પાન મૂંગો મૂંગો નહિ પણ ગાતાં ગાતાં લઈ આવ્યો. આજે પોતાને ત્યાં આવનારા એક ભિખ્ખુ માટે એના અંતરમાંથી જાણે નૈસર્ગિક ગાન જન્મ્યું હતું! એ બધી તૈયારી કરતો હતો, અને સાથે સાથે મધુર ગાનની રેલંછેલ એની ઝૂંપડીમાંથી ઊઠતી હતી. રસ્તે જનારા ઘડીભર સાંભળવા થંભી જાય એવી મધુરતા, કોણ જાણે શી રીતે એના કંઠમાંથી નીકળી પડતી હતી!

આ બધી તૈયારી કરીને પોતાના એક અતિથિ ભિખ્ખુને લેવા માટે એ નગરશ્રેષ્ઠીને ત્યાં દોડયો.

પણ નગરશ્રેષ્ઠીએ તો એની કાંઈ નોંધ લીધી ન હતી. એ જ્યારે આવ્યો ત્યારે જ એને યાદ આવ્યું કે એણે એની નોંધ રાખી જ નથી! ને હવે કોઈ ભિખ્ખુ મોકલવાનો બાકી રહ્યો નથી!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ અકિંચન મહાદુર્ગત તો એ સાંભળીને દુ:ખી દુ:ખી થઈ ગયો. તે રડવા માંડ્યો. પોતાની જાતને ધિક્કારવા માંડ્યો. માથું કૂટવા માંડ્યો. એ જોઈને નગરજનો ભેગા થઈ ગયા ને તેને પૂછ્યું: 'શી વાત છે? કેમ રડે છે?'

મહાદુર્ગતે પોતાની વાત કહી. નગરજનોએ નગરશ્રેષ્ઠીને પૂછ્યું. નગરશ્રેષ્ઠીએ વાત કબૂલ કરી કે એની એક સંખ્યાની નોંધ અતિ અલ્પ જાણીને એણે લીધેલી નહિ. બાકી એણે એક ભિખ્ખુ માટે નિમંત્રણ નોંધાવ્યું હતું.

નગરજનોએ એકી સાથે અવાજ કર્યો: 'તો મહાદુર્ગતને ન્યાય મળવો જોઈએ. કોઈ એક ભિખ્ખુને ત્યાં મોકલવો ઘટે!'

નગરશ્રેષ્ઠીએ મહાદુર્ગતને કહ્યું: 'ભો, મહાદુર્ગત! મારો દોષ થયો છે તે માટે ક્ષમા આપવી ઘટે. એક પણ ભિખ્ખુ હવે બાકી નથી, અને મારા ઘરમાંથી કોઈ નવો ભિખ્ખુ સરજવાની મારી શક્તિ નથી. પણ હા, ભગવાન તથાગત પોતે, હજી સુગંધઘરમાં, આરામવાટિકામાં બેઠા હોવા જોઈએ. ત્યાં રાજાઓ, મંત્રીઓ, સેનાપતિઓ અને બીજા પણ સેંકડો મહાઅધિકારીઓ, એમના બહાર આવવાની રાહ જોતા બેઠા છે! તું ત્યાં જા. ભગવાનનું ભિક્ષાપાત્ર ઉપાડીને રાજા પોતે નગર ભણી આવશે, ત્યારે એ મહાજનમાં તું પણ સાથે સાથે ચાલતો રહે, તો તારા મનને સંતોષ થશે કે ભગવાનને આમંત્રણ આપનારાઓમાં તું પણ એક છે! આ એક જ વાત બને તેવી છે.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાદુર્ગત તો એ સાંભળીને જ્યાં ભગવાન હતા ત્યાં દોડચો ગયો !

એને ત્યાં આવેલો જોઈને રાજા, ઉપરાજા, અધિકારીઓ, સેનાપતિઓ, મહાશ્રીમંતો, એકબીજાની સામે જોઈ રહ્યા ! એમની દૃષ્ટિમાં આ અવિવેકી માણસ માટે ઠપકો ઊભરાતો હતો. પણ શબ્દમાં એ ન બોલાય, એમ માનીને સૌ મૂંગા મૂંગા, ઉપહાસભર્યું છાનું હાસ્ય કરીને મોં બીજી દિશામાં ફેરવી લેતા હતા !

એમાંનો એક છેવટે રહી શકચો નહિ. તેણે મહાદુર્ગતને કહ્યું : 'અરે, દુર્ગત ! તું આંહીં ભોજનસમયે કાંઈ વધ્યું-ઘટ્યું લેવા વારંવાર આવે છે, પણ આજે આંહીં કાંઈ નથી, અને અત્યારે તો ભોજનનો સમય પણ નથી. તે છતાં તું આંહીં આવીને કેમ ઊભો છે ?'

'ભન્તે મહાન અધિકારી ! હું તો ભગવાનના ચરણમાં શિશ નમાવવા આવ્યો છું !'

અને એમ કહીને, સુગંધઘરના ઊંબરા પાસે જઈને, પોતાનું માથું નમાવીને, એ બોલ્યો : 'ભગવન્ ! મારા કરતાં વધારે અકિંચન આ નગરમાં કોઈ નથી ! ભગવાન મારે ઘેર પધારવા કૃપા કરે. પ્રભુ ! મારા કરતાં વધારે ગરીબ આ નગરમાં કોઈ નથી ! આ નગરમાં અકિંચનમાં અકિંચન હું છું !'

થોડી વારમાં સુગંધઘરમાંથી ભગવાન પોતે ભિક્ષા લેવા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માટે બહાર નીકળ્યા. રાજાઓ, ઉપરાજાઓ, અધિકારીઓ ટોળે મળીને આગળ વધ્યા. ભગવાનનું ભિક્ષાપાત્ર હાથમાં લેવાનું મહાભાગ્ય પોતાને મળે માટે કાશીરાજ ત્યાં ઉત્સુકતાથી સૌની મોખરે ઊભો હતો.

સેંકડો આંખો ભગવાન ઉપર ઠરી ગઈ હતી. હજારો મસ્તક નમી રહ્યાં હતાં. ભગવાનના નામનો મહા જયઘોષ ઉપાડવા માટે સૌ ઉત્સુક બની ગયા હતા. એટલામાં એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું, અને સૌના શ્વાસ થંભી ગયા!

ભગવાન તથાગત પોતે સુગંધઘરમાંથી બહાર નીકળીને, જ્યાં એક તરફ પેલો મહાદુર્ગત બારણા પાસે ઊભો રહી ગયો હતો, તે તરફ ચાલ્યા! બે પગલાં એ તરફ ભર્યાં, અને હજી તો શું થાય છે એ કોઈ સમજે, તે પહેલાં મહાભિખ્ખુનું પેલું મહામૂલ્યવાન ભિક્ષાપાત્ર, જે ઊંચકી લેવા માટે, રાજા–મહારાજાઓ ક્યારના રાહ જોઈ રહ્યા હતા, એ ભિક્ષાપાત્ર, ભગવાને સામે ચાલીને, સ્વયં, પોતાના હાથે પેલા અકિંચનમાં અકિંચન મહાદુર્ગતના હાથમાં મૂકી દીધું!

મહાદુર્ગતને ત્યાં ભિક્ષા લેવા જવા માટેની એ સ્વીકૃતિ હતી!

ભગવાને આપેલું ભિક્ષાપાત્ર બીજો કોઈ હવે તેના હાથમાંથી લઈ શકે નહિ, એવી વણલખી ધર્માજ્ઞા હતી.

સેંકડો શ્રેષ્ઠીઓ, શ્રીમંતો, અધિકારીઓ, સ્વયં કાશીરાજ પોતે આ જોઈને ક્ષોભ પામ્યા હોય તેમ આશ્ચર્યચકિત થઈ ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ એ જ વખતે કાશીનગરીમાં મહાદુર્ગતની પાછળ પાછળ આવેલા, પેલા નગરશ્રેષ્ઠી અને સેંકડો નગરજનોના કંઠમાંથી મહાઘોષ ઊપડયો.

'ભગવાન તથાગતનો જય હો!


'મહાભિખ્ખુનો જય હો!

'સત્યનો જય હો!'

*

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# કિસા ગૌતમીનું ગીત



હું નિર્ધન અકિંચન હતી. બધાના તિરસ્કારને પાત્ર હતી. એવામાં દેવલોકમાંથી ફૂલ આવે તેમ, મને એક પુત્ર આવ્યો, અને તરત હું બધાને પ્રિય બની ગઈ.

કેટલો સુંદર, કોમળ, રૂપાળો એ પુત્ર હતો ? હું એને રાત–દિવસ રમાડતી. એ મારો આનંદ હતો. હું બધું દુઃખ ભૂલી રહી હતી.

પણ પ્રાણ સમાન મારો એ પુત્ર એક દિવસ યમલોક-માં ચાલ્યો ગયો. 'હું જાઉં છું,' એમ મને કહેવા માટે પણ રોકાયો નહિ ! હું ગરીબ, દુર્બલ, દીન, આંખમાં આંસુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સારતી, મારા આ કુમળા બાળકને લઈને વિલાપ કરીને રખડતી ફરતી હતી. કોઈક ભગવાન ભેટી જાય અને મારા આ બાળકને સજીવન કરે, એવી આશા, એ જ મારા મનનું મોટામાં મોટું આશ્વાસન હતું.

અને કોઈ દયાળુએ મને પંથ બતાવ્યો. એણે એક ઉત્તમ ધન્વન્તરીની મને વાત કરી.

હું બાળકને લઈને એ ઉત્તમોત્તમ વૈદરાજ પાસે ગઈ. કહ્યું : 'ભિષગ્વર! મારા બાળકને સજીવન કરવાની દવા આપો !'

જેને જેને વ્યાકુળતાને લીધે રસ્તાની જાણ નથી, તેને તેને રસ્તો બતાવનાર એ મહાન ભિષગ્વરે કહ્યું, 'જે ઘરમાં કોઈ દિવસ કોઈ મર્યું ન હોય, એવા ઘરમાંથી, બાઈ! એક ચપટી રાઈ તું લઈ આવ, જા!'

અને હું નગરી શ્રાવસ્તીમાં ઘેર ઘેર ફરવા માંડી. ઘેર ઘેર મેં રાઈ માંગી. બધા લાવતા, આપતા, પણ તરત કહેતા કે 'કોઈ દિવસ કોઈ મર્યું ન હોય એવું આ ઘર નથી, બાઈ! અમારે ત્યાં પણ મરણ થયું છે!'

હું ઘેર ઘેર ભટકી, પણ એવું કોઈ ઘર ન મળ્યું, જ્યાં કોઈ દિવસ કોઈ મરણ પામ્યું ન હોય. ત્યારે મને ભાન થયું કે અરે! જેવી જોઈએ છે તેવી, એક ચપટી રાઈ ક્યાંયથી મળે?

અને હું લોકનાયક ભગવાન બુદ્ધ પાસે ફરીને ગઈ.

મને દૂરથી આવતી જોઈને જ એમણે અપાર કરુણા-ભરેલા સ્વરે કહ્યું : 'સો વર્ષ માણસ જીવે, ને કોઈ દિવસ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ન આનંદ મેળવે, ન શોક મેળવે, તેના કરતાં એક જ દિવસ જીવે, અને આનંદ–શોક બધાંનો અનુભવ મેળવીને જીવે, એ વધારે ઉત્તમ છે. આ કોઈ એક ગામનો, કે કોઈ એક નગરીનો ધર્મ નથી. આ તો માનવકુલનો ધર્મ છે. એને આનંદ મળે. એને શોક મળે. એ ઉદય જુએ. એ અસ્ત નીરખે. આ ધર્મ માનવકુળનો છે. દેવલોકનો છે. આંહીં કાંઈ જ નિત્ય નથી. સુખ, દુ:ખ, શોક, ઉદ્વેગ, લાભ, હાનિ, જીવન, મૃત્યુ કાંઈ જ નિત્ય નથી. બધું બે પળ પછી બદલાઈ જવાનું છે. આમાં કોણ કોને નિત્ય ગણીને વિલાપ કરવાનો મોહ રાખે?'

આ વચનો સાંભળતાં મારી આંખ ખૂલી ગઈ. એ વચનોમાં શી શાંતિ હતી? શી મૃદુતા, કેવી મધુરતા, કેટલી અપાર કરુણા! જાણે કે હૃદય ઉપર કોઈ દિવ્ય ઔષધનું લેપન કરી રહ્યું હોય!

માનવકુળના આ ધર્મનું રહસ્ય જાણીને, હું શોકને તરી ગઈ. ઘર છોડીને હું ઘર વિનાની થઈ ગઈ.

જે ઘર છોડે છે, નવું ઘર મેળવવા, એ મહાભાગ્યશાળીઓને કોઈક દિવસ નવો પ્રકાશ મળે છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રેરણામૂર્તિ



શિવાજી મહારાજના દ્વારે, ભરજુવાનીમાં આવેલો ખાસ્સો છ ફૂટ ઊંચો, કદાવર દેખાવનો, એક ચપળ રજપૂત જુવાન આવીને ઊભો રહ્યો.

એનો સીનો જોઈને જ મરાઠા દ્વારપાળે સાવધાન બની પોતાનાં હથિયાર સંભાળ્યાં. આગ્રાથી છૂટીને આવ્યા પછી— હમણાં હમણાં પાછી મોગલો સાથે રાજની લડાઈ શરૂ થઈ હતી. તાનાજી માલુસરે જીવના મહા જોખમે ઉદેભાણ પાસેથી કોંડાણા–સિંહગઢ પાછો મેળવ્યો હતો; પુરંદર પડ્યું હતું; પંદર હજાર ઘોડેસવારી લશ્કર સાથે મહારાજ સુરતનો છાપો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મારીને પાછા આવી ગયા હતા; અને ખુદ ખાનદેશની રાજધાની મરાઠી સવારોના પડઘાથી ધ્રૂજતી હતી. એટલે એવે સમયે કોઈ દગોફટકો રમી ન જાય, માટે દરેકેદરેક માણસ સાવધ થઈને જ ઊભો રહેતો.

આવનાર જુવાનનો વેશ શિકારી જેવો હતો. તે દ્વારપાલની પાસે આવ્યો, 'મારે મહારાજને મળવું છે.'

દ્વારપાલ જવાબ આપ્યા વિના એની સામે જોઈ રહ્યો. બીજા પણ આઠદસ સૈનિકો ત્યાં આસપાસ ગોઠવાઈ ગયા: 'શું કામ છે?' દ્વારપાલે પૂછ્યું.

'આ એક ચીજ છે મારી પાસે—' એમ કહીને એણે પોતાની પાસેનું એક કબૂતર બતાવ્યું. 'મહારાજને, સાંભળ્યું છે, શોખ છે કબૂતરની રમતનો, તો હું દૂર–દૂરથી એ બતાવવા માટે આવ્યો છું!'

'એમ કે?' કોઈએ જવાબ આપ્યો. પણ સૌ એકબીજાની સામે આંખ મીંચકારી રહ્યા હતા.

એટલામાં જરાક ગડબડ થઈ રહી, અને ખુદ શિવાજી મહારાજ પોતે બહાર આવતા દેખાયા. એમના નાના દેહમાં પથરાયેલી અજબ વીરશ્રીથી એ શોભી રહ્યા હતા. ગરુડના જેવી એમની ચપળ આંખો પહેલે જ સપાટે આવનાર રજપૂત જુવાન ઉપર અટકી પડી: 'આ કોણ છે?' એમણે જુવાનને આગળ વધવા ઇશારત કરી.

જુવાન આગળ વધ્યો. પણ દરેકેદરેક મરાઠા સૈનિક તીક્ષ્ણ ભેદક દૃષ્ટિથી એની આંગળીએ–આંગળીની હિલચાલ જોઈ રહ્યો હતો. જુવાન રજપૂત આગળ આવ્યો. મહારાજને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તલવાર નજર કરી. જરાક પાછો હઠયો. નમ્રતાથી બોલ્યો: 'મહારાજ! મારી પાસે એક કબૂતર છે. લડાઈમાં પાવરધું છે. કોઈએ હજી એને જીત્યું નથી.'

'એમ?' મહારાજના ચહેરા ઉપર જરાક સ્મિત ફરક્યું: 'ક્યાં છે?—અમારા કબૂતર સાથે મેળવી જુઓ—'

તરત મહારાજ પાછા અંદર દરબારમાં ગયા. નાની સરખી કચેરી જેવું થઈ ગયું. જુવાન રજપૂતના કબૂતર સાથે મહારાજનું કબૂતર લડાઈમાં ઊતર્યું. સૌ જોઈ રહ્યા. પણ રજપૂતનું કબૂતર જીત્યું.

પરંતુ મહારાજનું દિલ એ લડાઈમાં ન હતું. એણે તો જુવાનને જોતાં જ નક્કી કર્યું હતું કે, આ કોઈ અજબ વીર છે, ને કબૂતરનો ખેલ તો એક નિમિત્ત માત્ર છે.

મહારાજે જુવાન સામે જોયું: 'ક્યાં રહેવું જુવાન?—કબૂતર તો ભારે નામી રાખ્યું લાગે છે!'

'રહેવું બુંદેલખંડમાં, મહારાજ!'

'બુંદેલખંડમાં?—મહારાજ ચંપતરાયના વંશમાં હવે કોઈ જાગે છે કે?'

બુંદેલખંડમાં આવેલ મહોબાની રિયાસત વિષે અને તેના રાજા ચંપતરાયના શાહી સૈન્ય સામેના બહારવટા વિષે, મહારાજે ઘણું સાંભળ્યું હતું. વિન્ધ્યવાસિની દેવીને બુંદબુંદ લોહી આપીને અમે બુંદેલા થયા છીએ એવી એમની કુલ-પરંપરાની વીરગાથા પણ તેમણે સાંભળી હતી. એટલે જ મહારાજે જરા દાણો દાબવા પૂછ્યું હતું.

જુવાન કાંઈ બોલ્યો નહિ. નીચે જોઈ ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'કેમ બોલ્યા નહિ, ચંપતરાયના વંશ વિષે?'

'મહારાજ! હું જ ચંપતરાયનો પુત્ર, આપની પાસે વખાનો માર્યો આવ્યો છું. મેં મીરજા રાજા જયસિંહ પાસે રહીને કામ કર્યું છે. મહારાજ જ્યારે મીરજા રાજાને મળવા આવ્યા, ત્યારે જ મોહિની લાગી હતી કે, મહારાજના સૈન્યમાં રહી જાઉં. આજે તમારી પાસે એ માટે જ આવ્યો છું. મને યોગ્ય કામ આપો. કોઈ કામમાં હું પાછો નહિ પડું. મારે હવે મુગલ સૈન્યમાં રહેવું નથી, એ મારી પ્રતિજ્ઞા છે.'

મહારાજ તો જુવાન રજપૂત સામે જોઈ જ રહ્યા હતા. તેણે ધીમે રહીને—શાંત વાણીમાં જવાબ વાળ્યો: 'તમે ચંપતરાયના સૌથી નાના પુત્ર?'

'હા, મહારાજ!'

'તમારું નામ?'

'છત્રસાલ!'

'એમ? ત્યારે જુવાન છત્રસાલ! તારી જન્મભૂમિ ત્યાં પરાધીન રહેશે, અને તું મારે ત્યાં નોકર રહેશે? તું વીરનો પુત્ર છે; તું વીર છે. જુવાન! તું બેઠો થઈ જા. આ તારું પડછંદ શરીર, આ તારી રાજવંશી મુખમુદ્રા, આ તારી જુવાની, એ સઘળાં તારી જન્મભૂમિ—બુંદેલખંડ—ના ચરણમાં આપવાનાં હોય! તને રાજાના પુત્રને કોઈને ત્યાં સરદાર થવાનું સ્વપ્નું પણ કેમ આવે છે? તારી કુલદેવી વિંધ્યવાસિનીદેવી પાસે જા—એ તને માર્ગ બતાવશે.'

'મહારાજ! આપને પર્વતમાળા રક્ષે છે, માતા ભવાની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હાજરાહજૂર છે, હિન્દુત્વને આપે જગાડ્યું છે—હું તો આપને ચરણે જ શોભું !'

મહારાજ શિવાજીએ વીરવાણીમાં જવાબ વાળ્યો : 'તારી માતાએ, ખુલ્લી સમશેરે, તારા પિતાની પાછળ મળવા આવેલા મિત્રો, દુશ્મનો છે એમ માનીને, બહારવટું ખેડતા તારા પિતાને, બહારવટાના દિવસોમાં એક વખત જે વેણ કહ્યું હતું તે કોઈ કવિએ—ભાટચારણે—યાદ રાખીને તને સંભળાવ્યું હોય તેમ લાગતું નથી ! તો લે, હું તને એ સંભળાવું. તારી માતાએ, ખુલ્લી સમશેરે, તારા પિતાના દેહની આડે વજ્જર કિલ્લાની જેમ ઊભા રહીને, આવનારાઓને કહ્યું હતું કે, 'જ્યાં સુધી તમે મારા રાઈ રાઈ જેવડા ટુકડા નહિ કરી નાખો, ત્યાં સુધી હું ખસવાની નથી. હું જ મારા પતિનો કિલ્લો છું !'

પછી તો ખબર પડી કે મળવા આવનારા દોસ્તો છે, દુશ્મનો નથી, પણ એ વીરવચન જે નીકળ્યું, તેને કવિ-લોકોએ અમર બનાવી દીધું છે. તારી પાસે એ માતાનો વારસો છે, જુવાન ! તારે નોકરી ન હોય, સરદારી તારે ન હોય !

*

જુવાન છત્રસાલની આંખમાં આંસુ આવી ગયાં. એને પિતાનું બહારવટું બરાબર યાદ હતું. પોતે સાત વર્ષનો હતો ત્યારે માતાએ, પ્રેમથી માથે હાથ ફેરવીને, વારંવાર ચુંબન કરી હેતથી ભેટી મામાને ત્યાં રવાના કર્યો, અને જંગલની કેડીએ, વારંવાર પાછું ફરીને જોતી, અને નિશાનીઓ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરતી—પતિની સાથે છાયાની પેઠે ફરવા, બહારવટામાં સાથે રહેવા, તે ચાલી નીકળી, એ દિવસ એને બરાબર યાદ હતો.

અરે! દિવસે એ સઘળાં એક વડની છાયા નીચે ઊભાં હતાં. ચાર ઘોડા હણહણાટી દેતા હતા. મામાનો વિશ્વાસુ માણસ એને ખોળામાં તેડવા આવ્યો હતો. માતા ચુંબન કરતી હતી. એને ખોળામાં તેડ્યો હતો. એના માથા ઉપર—એના વાંસા ઉપર, એ પ્રેમથી હાથ ફેરવી રહી હતી—'મારો છત્રુ તો હીરો થવાનો છે, આ હીરો એનો છે.' એમ વહાલથી ગદ્ગદ કંઠે બોલીને, એક હીરો માતાએ વિદાય વેળાએ આપ્યો હતો. અત્યારે એની ભેટમાં એ હીરો હતો.

જુવાન છત્રસાલ, ઘડીભર સાત વર્ષનો બનીને માનો ખોળો શોધી રહ્યો હતો. મહારાજના વેણે, પછી તો એના દિલમાં ઘણાં સંસ્મરણો જગાડી દીધાં. પિતા સપડાઈને મરણ પામ્યા હતા. એ પણ સઘળું અત્યારે નજર સમક્ષ તરી આવ્યું. એને પિતાનો છેલ્લો અવાજ જાણે સંભળાતો લાગ્યો; 'છત્રુ, દોડજે!' અને એનો હાથ અચાનક જ તલવાર ઉપર ગયો—મરાઠાનો દરેકે દરેક સરદાર સચેત થઈ ગયો. પણ માતાના અદ્ભુત નામની અસર જાણનાર, મહારાજ શિવાજી બેઠા થઈને, પોતે જ વીર છત્રસાલ પાસે ગયા. હાથ પકડીને તેને ઊભો રાખીને પ્રેમથી ભેટ્યા. છત્રસાલ, મહારાજની સામે હાથ જોડીને ઊભો રહ્યો. એનું હૃદય કામ કરતું ન હતું. એને આમ પ્રેમથી બોલાવનાર, આજે પહેલ-વહેલા મહારાજ જ મળ્યા. શિવાજી મહારાજ તેજસ્વી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાણીમાં બોલ્યા : ‘ વીર ! નરસિંહ ! તું તારી જન્મભૂમિમાં સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ. હું તારી પડખે ઊભો છું. મારા ત્રીસ હજાર સવારો, તારી પડખે ઊભા છે. જા, માતા વિંધ્યવાસિનીને શરણે જા ! તારી જન્મભૂમિને જગાડ—જા, નરસિંહ ! જા. તું બુંદેલને જાગ્રત કરી દે. તને એ શોભે— જીવનભર એકાકી રણ વેઠનાર ચંપતરાયનો સિંહસુત ક્યાંય સરદાર ન હોય ! ’

છત્રસાલે મહારાજને ચરણે નમસ્કાર કર્યા. મહારાજે એની પીઠ થાબડીને કહ્યું : ‘ જા, નરસિંહ ! જા, તું તારું નામ અમર કર ! ’

તે દિવસે મોડેથી જ્યારે છત્રસાલ દરબાર છોડીને નીકળ્યો, ત્યારે એના દેહસમસ્તમાંથી એક જાગ્રત વાણી બોલી રહી હતી. એના અંતરમાં એક નવું સ્વપ્ન જન્મ્યું હતું.

*

અને એ જ સાંજે છત્રસાલ, અને એની પત્ની દેવકુંવર બુંદેલખંડ તરફ ઘોડેસવાર બનીને ચાલી નીકળ્યાં. થોડાં વર્ષો પહેલાં આ જ પ્રમાણે, એના પિતા ચંપતરાય અને એની માતા કાલીકુંવર, બહારવટું ખેડવા નીકળ્યાં હતાં ! તેજ અને છાયાની પેઠે સાથે—અર્થ અને વાણી પેઠે એક રૂપે. આજે એનો જુવાન પુત્ર, એ જ રસ્તે ચાલી નીકળ્યો. એની પડખે પણ દેવકુંવરનો ઘોડો દોડી રહ્યો હતો. બન્ને રણ જગાડવા જતાં હતાં-જાણે सह वीर्य्यं करत्रावहै —એ ઉપનિષદમંત્રના મૂર્તિમાન આચરણરૂપે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જુવાન છત્રસાલે, થોડા જ વખતમાં મહારાજની આપેલી પ્રેરણામાંથી પોતાનો દૃઢ નિશ્ચય કરી લીધો.

—અને થોડા દિવસ પછી, વડીલોની શિખામણ ઉપરવટ થઈને, કેવળ પોતાની સમશેર ઉપર આધાર રાખીને, ડુંગરમાળામાં ફના થઈ જવાનો સંકલ્પ કરીને, હજી તો જીવનના પહેલા પગથાર ઉપર ઊભેલો, વિંધ્યવાસિનીના સ્વપ્નથી ભરેલો, એકવીસ વર્ષની ઊગતી જુવાનીનો, તરુણ છત્રસાલ, માત્ર પાંચ સવારો સાથે દિલ્હીની હજારોની સેનાનો સામનો કરવા માટે, જ્યારે ભગવતી નર્મદાનાં પાણી ઓળંગીને સામે પાર ગયો, ત્યારે એની સંગેમરમરની ડુંગરમાળા ડોલી ઊઠી! જાણે એમ બોલતી હોય કે કોઈ શિલ્પી આ વીર મૂર્તિને ઘડે, ત્યારે અમારામાંથી કોઈને એ ભાગ્ય ફળજો—અમારામાંથી કોઈને એ ભાગ્ય મળજો!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# આજન્મ વૈરાગી



એ સમયે મગધ અને બંગાળામાં મહીપાલની સત્તા હતી.

એને અધીન રહીને માંડલિક કલ્યાણશ્રી વિક્રમપુરીમાં રાજ કરતો હતો. કલ્યાણશ્રીને તેની રાણી પ્રભાવતીથી ત્રણ પુત્ર થયા. પદ્મગર્ભ, ચન્દ્રગર્ભ અને શ્રીગર્ભ.

વિક્રમપુરીના 'કાંચનધ્વજ' મહેલનો ત્યાગ કરવાનું અને ભગવાન તથાગતની પેઠે જ્ઞાનભિખ્ખુ બની ઐચ્છિક ગરીબી સ્વીકારવાનું, મહાભાગ્ય કુમાર ચન્દ્રગર્ભના કપાળમાં લખાયેલું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એવું મહાભાગ્ય કોઈકને જ મળે છે. એવો સર્વત્યાગનો મહાધર્મ કોઈક જ સ્વીકારે છે. કુમાર ચન્દ્રગર્ભે એ માર્ગ સ્વીકાર્યો.

એક દિવસ જંગલમાં ઘૂમતાં ઘૂમતાં તેને સમાચાર મળ્યા કે મહાપંડિત જેતારિ એટલામાં ક્યાંક પાસે જ રહે છે.

શોધતો શોધતો રાજકુમાર મહાપંડિતને મળવા ચાલ્યો. તેની પાસે જઈ નમ્રતાપૂર્વક અભિવાદન કર્યું.

જેતારિએ પૂછ્યું : 'કોણ છો ?'

કુમાર ચન્દ્રગર્ભે ઉત્તર વાળ્યો : 'આ દેશના સ્વામીનો હું બીજો પુત્ર થાઉં !'

આવી વાણી સાંભળવાની જેને ટેવ ન હતી કે જરૂર ન હતી એવા જેતારિએ શાંત વાણીમાં ઉત્તર આપ્યો : 'અમારે કોઈ દેશ નથી, કોઈ સ્વામી નથી, કોઈ દાસ નથી. તું ધરણીપતિનો પુત્ર હો, તો તારે આંહીંથી જવું જોઈએ. અમારે મન કોઈ ધરણીપતિ નથી !'

કુમાર ચન્દ્રગર્ભે વૈરાગી જેતારિના આ શબ્દોમાં રહેલ સર્વત્યાગનું સામર્થ્ય જોયું, અને તે એના ચરણમાં લોટી પડ્યો : 'ભગવાન ! ત્યારે તો હવે આપ જ મને માર્ગ દર્શાવો. જે ઉપાસના વડે સકળ વિશ્વમાં કોઈ સ્વામીરૂપે કે કોઈ દાસરૂપે રહેતું નથી, તે જ્ઞાન આપ જ મને આપો !'


'એ જ્ઞાનની ઉપાસના માટે તારે ભગવાન તથાગતની ચરણધૂલિથી પવિત્ર થયેલ, નાલંદા વિદ્યાપીઠની ભૂમિમાં પ્રવેશ કરવો પડશે. તે વિના એ ન મળે.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કુમાર ચન્દ્રગર્ભ ભિખ્ખુ બનવા ચાલી નીકળ્યો. નાલંદા વિદ્યાપીઠના સ્થવિર બોધિભદ્ર સામે બાર વર્ષની કુમળી વયનો બાળક, આજન્મ વૈરાગીની મહાપ્રશાંત મુદ્રાથી જ્યારે ઊભો રહ્યો, અને નતમસ્તકે 'શ્રમણદીક્ષા' માટે એણે વસ્ત્ર ગ્રહણ કર્યું, ત્યારે કોઈના અંતરમાં ખ્યાલ પણ ન હતો કે આ નાનો બાળક, એક વખત દીપંકર શ્રીજ્ઞાન કહેવાશે. અને નાલંદા વિદ્યાપીઠની દિગંતવ્યાપિની કીર્તિ ફેલાવનાર આચાર્ય શાન્તરક્ષિતની માફક, હિમાલયની પેલી પાર ભારતવર્ષનો વિશ્વશાંતિનો સંદેશો લઈ જશે!

• • •

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust



Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust